રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 236 | Dt. 07-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

હોર્મુઝની ખાડીમાં આતંકનો વિકરાળ પંજો

જહાજ હુમલામાં ૧૧ ભારતીયો ઘાયલ

ભારતે નોંધાવ્યો સખત વિરોધ : ઓમાનના દરિયાકાંઠે વેપારી જહાજ પર પ્રોજેક્ટાઇલથી કરાયેલા જીવલેણ હુમલાએ આંતરરાષ્ટ્રીય જળમાર્ગોની સુરક્ષા સામે ઉભા કર્યા ગંભીર સવાલો

નવી દિલ્હી, તા.૬

આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર આતંકવાદ અને અસુરક્ષાનો કાળો ઓછાયો સતત ઘેરો બની રહ્યો છે અને હોર્મુઝની ખાડીમાં ફરી એકવાર વેપારી જહાજોને નિશાન બનાવીને ભયનો માહોલ ઉભો કરવામાં આવ્યો છે. મંગળવારે ઓમાનના દરિયાકાંઠા નજીકથી પસાર થઈ રહેલા પનામાનો ધ્વજ ધરાવતા કોમર્શિયલ જહાજ 'MT On Peace' પર પ્રોજેક્ટાઇલ વડે અત્યંત ઘાતક અને કાયરતાપૂર્ણ હુમલો કરવામાં આવ્યો હતો. આ ભયાનક હુમલામાં જહાજ પર સવાર ક્રૂ મેમ્બર્સનો જીવ તાળવે ચોંટી ગયો હતો. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર આ ગોઝારી ઘટનામાં જહાજના કુલ ૧૨ ક્રૂ સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા છે જેમાં ૧૧ તો માત્ર આપણા ભારતીય નાવિકો જ છે. આ જહાજ પર કુલ ૧૯ ક્રૂ સભ્યો ફરજ બજાવી રહ્યા હતા જેમાંથી ૧૭ સભ્યો ભારતીય નાગરિકો હતા જે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ હુમલાની સૌથી મોટી અને આકરી કિંમત ભારતીય નાવિકોએ ચૂકવવી પડી છે. હુમલા બાદ સર્જાયેલી જીવલેણ અફરાતફરી વચ્ચે ઓમાનના સુરક્ષા અધિકારીઓએ તાત્કાલિક ધોરણે બચાવ કામગીરી હાથ ધરીને



તમામ ઘાયલ સભ્યોને સળગતા જહાજમાંથી સુરક્ષિત બહાર કાઢ્યા હતા અને હાલમાં આ તમામની ઓમાનના ખસાબ શહેરમાં આવેલી હોસ્પિટલમાં સઘન સારવાર ચાલી રહી છે.

ભારત સરકારે આ જીવલેણ અને કાયરતાપૂર્ણ કૃત્યની અત્યંત કડક શબ્દોમાં ઝાટકણી કાઢીને આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાનો સખત આક્રોશ ઠાલવ્યો છે. ભારતે વિદેશી જળસીમામાં ફસાયેલા પોતાના નાવિકોને તાત્કાલિક ધોરણે મદદ પૂરી પાડવા બદલ ઓમાનના અધિકારીઓનો આભાર તો વ્યક્ત કર્યો છે પરંતુ સાથે જ આ અત્યંત સંવેદનશીલ વિસ્તારમાં જહાજો પર સતત થઈ રહેલા જીવલેણ હુમલાઓ અંગે ઊંડી ચિંતા પણ વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ અને કડક શબ્દોમાં ચેતવણી આપતા જણાવ્યું છે કે આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે આવા આતંકવાદી હુમલાઓ તાત્કાલિક ધોરણે ડામી દેવા અત્યંત જરૂરી છે. નિર્દોષ વેપારી જહાજો, પોતાની ફરજ બજાવતા નાવિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને ટાર્ગેટ બનાવવાની આ ઘૃણાસ્પદ હરકતો સત્વરે બંધ થવી જોઈએ અને આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પરથી વૈશ્વિક વેપાર તથા અવરજવર કોઈપણ જાતના ભય કે અવરોધ વિના નિર્વિઘ્ને ચાલુ રહેવી જોઈએ તેવી સ્પષ્ટ અને આકરી માંગ ભારતે ઉઠાવી છે.

'MT On Peace' જહાજ પર થયેલો આ ભયાવહ હુમલો હોર્મુઝ અને તેની આસપાસના જળક્ષેત્રમાં વકરી રહેલી અત્યંત ખતરનાક અસુરક્ષાની ચાડી ખાય છે. આ કોઈ સામાન્ય કે એકલદોકલ ઘટના નથી પરંતુ મીડિયા અહેવાલો મુજબ માત્ર ઓક્ટોબર મહિનાના પ્રથમ સપ્તાહમાં જ આ અત્યંત વ્યસ્ત દરિયાઈ વિસ્તારમાં ઓછામાં ઓછા ૭ જેટલા મહાકાય ટેન્કરો પર હુમલા નોંધાઈ ચૂક્યા છે જે દર્શાવે છે કે હુમલાખોરો કેટલા બેફામ અને નિરંકુશ બન્યા છે. આ અગાઉ જુલાઈ મહિનામાં પણ ઈરાનની વિનાશક ક્રૂઝ મિસાઈલોએ ગ્રુપ સાથે જોડાયેલા બે ટેન્કરોને નિશાન બનાવીને ભારે ખાનાખરાબી સર્જી હતી જેમાં કમનસીબે એક ભારતીય ક્રૂ સભ્યએ પોતાનો જીવ ગુમાવ્યો હતો અને અન્ય ૧૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સમગ્ર વિશ્વ માટે આ અત્યંત ચિંતાનો વિષય એટલા માટે છે કારણ કે દુનિયાના કુલ વપરાશના લગભગ ૨૦ ટકા જેટલા ક્રૂડ ઓઈલ અને મહામૂલા LNG નો પુરવઠો આ જ હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થાય છે. જો આ જળમાર્ગ પર આતંકનો આ ખુની સિલસિલો આમ જ ચાલુ રહેશે તો ક્રૂડના વૈશ્વિક ભાવો આસમાને પહોંચશે અને શિપિંગ ખર્ચમાં અધધ વધારા સાથે સમગ્ર વિશ્વની ઊર્જા સુરક્ષા પર એક ભયંકર અને અકલ્પનીય મહાસંકટ ત્રાટકશે તેમાં કોઈ બેમત નથી.

નાઇજીરિયામાં વાયુસેનાનું પ્લેન ક્રેશ : ૩૨ લોકોના મોત

નાઇજીરિયાના પ્રમુખ બોલા અહમદ ટિનુબુએ રાષ્ટ્રીય શોક જાહેર કર્યો

નવી દિલ્હી, તા.૬

શાંત સવાર અચાનક એક કાન ફાડી નાખે તેવા ધડાકા સાથે સ્મશાનવત શાંતિમાં ફેરવાઈ ગઈ છે. પશ્ચિમ આફ્રિકન દેશ નાઇજીરિયામાંથી એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. દેશના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઓંડો રાજ્યમાં નાઇજીરિયન વાયુસેનાનું એક સૈન્ય વિમાન અનિયંત્રિત થઈને જમીનદોસ્ત થયું છે. આ ભયાનક વિમાન હોનારતમાં સવાર તમામ ૩૨ લોકોના મોત થયા હોવાની આશંકા છે, જેમાં કોઈ પણ વ્યક્તિ જીવિત બચ્યું હોવાની સંભાવના નહિવત છે.આ દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં કુલ ૩૨ લોકો સવાર હતા, જેમાં ૨૫ સામાન્ય મુસાફરો અને ૭ સૈન્ય ક્રૂ સભ્યોનો સમાવેશ થતો હતો. નાઇજીરિયાના પ્રમુખ બોલા અહમદ ટિનુબુએ આ ભયાનક અકસ્માતની સત્તાવાર પુષ્ટિ કરી છે અને મૃતકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.અને રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ,નાઇજીરિયન



વાયુસેનાનું ATR-42 મોડેલનું વિમાન બેનિન સિટીથી લાગોસ તરફ પોતાના નિયમિત મિશન પર ઉડાન ભરી રહ્યું હતું. આ કોઈ વિશેષ ઇમરજન્સી કે ઓપરેશનલ ફ્લાઇટ નહોતી પરંતુ રોજિંદી સામાન્ય સૈન્ય સફર હતી. ઉડાન ભર્યા બાદ થોડા જ સમયમાં અચાનક એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો સંપર્ક તૂટી ગયો હતો અને ક્ષણભરમાં પ્લેન ઓંડો રાજ્યના ઇઝોકોડા વિસ્તારમાં તૂટી પડ્યું હતું.

નાઇજીરિયાના ઉડ્ડયન મંત્રી ફેસ્ટસ કીયામીએ ઘટનાક્રમની વિગતો આપતાં જણાવ્યું કે એર ટ્રાફિક કંટ્રોલે સોમવારે સવારે વિમાન સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો. ત્યારબાદ વિમાન ક્રેશ થયાની પુષ્ટિ થઈ હતી. પ્લેનનો કાટમાળ કોસ્ટલ વિસ્તાર પાસે મળી આવ્યો હતો. જે બાદ તાબડતોબ બચાવ ટુકડીઓ દોડી ગઈ હતી અને બોટની મદદથી પાણી અને કાંઠાના વિસ્તારોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રમુખ બોલા અહમદ ટિનુબુએ વાયુસેનાને તાત્કાલિક અસરથી સમગ્ર અકસ્માતની નિષ્પક્ષ તપાસ શરૂ કરવાનો કડક આદેશ આપ્યો છે, જેથી કયા ટેકનિકલ કે હવામાન સંબંધિત કારણોસર આ દુર્ઘટના સર્જાઈ તે જાણી શકાય અને ભવિષ્યમાં આવા જીવલેણ બનાવોને અટકાવી શકાય.

૩૩૦૦ કલાકથી વધુ ઉડાનનો અનુભવ અને શાનદાર સૈન્ય કારકિર્દી : ૩૧ ઓક્ટોબરે સંભાળશે કમાન

ભારતીય વાયુસેનાના નવા વડા બન્યા એર માર્શલ આશુતોષ દીક્ષિત

નવી દિલ્હી, તા.૬

ભારતીય વાયુસેના (IAF) ની કમાન હવે ફાઇટર પાઇલટ એર માર્શલ આશુતોષ દીક્ષિતના હાથમાં સોંપવામાં આવી છે. ગત ૧ જુલાઈ ૨૦૨૬ના રોજ વાયુસેનાના ૫૧મા વાઇસ ચીફ ઑફ એર સ્ટાફ તરીકે પદભાર ગ્રહણ કરનાર દીક્ષિત આગામી ૩૧ ઑક્ટોબરે સત્તાવાર રીતે વાયુસેના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળશે. નેશનલ ડિફેન્સ એકેડેમી (ખડકવાસલા), ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ (બાંગ્લાદેશ) અને નેશનલ ડિફેન્સ કોલેજ (નવી દિલ્હી) ના પૂર્વ વિદ્યાર્થી રહેલા દીક્ષિત ૬ ડિસેમ્બર ૧૯૮૬ના રોજ વાયુસેનાની ફાઇટર સ્ટ્રીમમાં કમિશન થયા હતા. એક કુશળ ફાઇટર પાઇલટ તરીકે તેમની પાસે મિરાજ-૨૦૦૦, મિગ-૨૧, જગુઆર, એન-૩૨ અને હોક



સહિત ૨૦થી વધુ પ્રકારના વિમાનો પર ૩,૩૦૦ કલાકથી વધુ સમય ઉડાન ભરવાનો બહોળો અનુભવ છે.

પોતાની કારકિર્દી દરમિયાન તેમણે ચીફ ઑફ ઈન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ , સેન્ટ્રલ એર કમાન્ડના કમાન્ડિંગ-ઈન-ચીફ અને ડેપ્યુટી ચીફ ઑફ ધ એર સ્ટાફ જેવા મહત્વના હોદ્દાઓ સંભાળ્યા છે. એક લાયકાત ધરાવતા ફ્લાઇંગ ઇન્સ્ટ્રક્ટર અને ટેસ્ટ પાઇલટ તરીકે તેમણે જગુઆર અને મિગ-૨૭ના એવિઓનિક્સ અપગ્રેડેશન સહિત અનેક સ્વદેશી વિમાન વિકાસ પ્રોજેક્ટ્સમાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. ડિરેક્ટર ઑફ એર સ્ટાફ રિક્વાયરમેન્ટ્સ તરીકે તેમણે મીડિયમ મલ્ટી-રોલ કોમ્બેટ એરક્રાફ્ટ ટ્રાયલ્સના સંચાલનમાં પણ મુખ્ય યોગદાન આપ્યું હતું. કારગિલ યુદ્ધ દરમિયાન ચલાવવામાં આવેલા 'ઓપરેશન સફેદ સાગર' અને 'ઓપરેશન રક્ષક' જેવા મહત્વપૂર્ણ સૈન્ય અભિયાનોમાં તેમણે સીધો ભાગ લીધો હતો.

એર માર્શલ આશુતોષ દીક્ષિતને તેમની અપ્રતિમ અને ઉત્કૃષ્ટ સેવાઓ બદલ રાષ્ટ્રપતિ દ્વારા અનેક પ્રતિષ્ઠિત મેડલોથી નવાજવામાં આવ્યા છે. તેમને વર્ષ ૨૦૦૬માં વાયુ સેના મેડલ, ૨૦૧૧માં વિશિષ્ટ સેવા મેડલ, ૨૦૨૩માં અતિ વિશિષ્ટ સેવા મેડલ અને ૨૦૨૬માં સર્વોચ્ચ એવા પરમ વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરવામાં આવ્યા છે. એર માર્શલ દીક્ષિતનો આ લાંબો અનુભવ અને સ્વદેશી વિમાન ઉત્પાદનમાં તેમનું આગવું યોગદાન ભારતીય વાયુસેનાના આધુનિકીકરણની સાથે સાથે 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યને વધુ મજબૂત બનાવવામાં અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

પંજાબ CMની કેમ્પ ઑફિસ પર CBI ત્રાટકી

ટ્રાન્સફર-પોસ્ટિંગ કૌભાંડ : ભગવંત માને ભાજપ પર કર્યા પ્રહાર

નવી દિલ્હી, તા.૬

હાઈકોર્ટના આદેશ બાદ CBIની મોટી કાર્યવાહી: ચંદીગઢથી લઈને ઘરાચો સુધી તપાસનો ધમધમાટ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની ચંદીગઢના સેક્ટર-૨ સ્થિત હાઉસ નંબર ૫૦ ખાતે આવેલી કેમ્પ ઑફિસ-કમ-ગેસ્ટ હાઉસ પર મંગળવારે ૬ ઑક્ટોબરે સીબીઆઈએ દરોડા પાડ્યા છે. આ સાથે જ તપાસ એજન્સીએ મુખ્યમંત્રીના ઓએસડી રાજબીર સિંહ ઘુમ્મનના ઘરાચો સ્થિત પૈતૃક આવાસ પર પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. મુખ્યમંત્રી કાર્યાલય સાથે જોડાયેલા કથિત ટ્રાન્સફર-પોસ્ટિંગ ભ્રષ્ટાચાર મામલે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સીબીઆઇ તપાસના આદેશ આપ્યા હતા, જેના પગલે ગુનો નોંધીને એજન્સી દ્વારા આ આકરાં પગલાં લેવામાં આવ્યા છે.

ટ્રાન્સફર અને પોસ્ટિંગ કૌભાંડ મામલે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે સીબીઆઇને ફોજદારી ગુનો નોંધીને સ્વતંત્ર તપાસ કરવા અને બે મહિનાની અંદર સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા કડક સૂચના આપી છે.



હાઈકોર્ટના આ નિર્દેશ સામે પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો અને આ અરજી પર તાત્કાલિક સુનાવણીની માંગ કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે તાત્કાલિક સુનાવણીનો ઇન્કાર કરી દેતા સીબીઆઈએ કેસ નોંધીને અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવાની કાર્યવાહી સઘન બનાવી દીધી છે.

સીબીઆઈની આ કાર્યવાહી બાદ મુખ્યમંત્રી ભગવંત માને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કેન્દ્રની સત્તાધારી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે ભાજપે પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે અત્યારથી જ તેમને અને તેમની સરકારને બદનામ કરવાનું ષડયંત્ર શરૂ કરી દીધું છે. માને સ્પષ્ટપણે જણાવ્યું કે પંજાબની જનતાના પ્રચંડ સમર્થનથી ગભરાઈને ભાજપ દ્વારા સીબીઆઇ અને ઈડી જેવી કેન્દ્રીય એજન્સીઓનો ખુલ્લેઆમ દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

એવિએશન ક્ષેત્રે ગુજરાત બન્યું નેશનલ હબ

કોમર્શિયલ પાયલટ તાલીમમાં સિદ્ધિ : નવી પાંચ ફ્લાઇંગ સ્કૂલ શરૂ થતાં રાજ્યમાં કુલ દસ FTO કાર્યરત થશે જે યુવાનો માટે આકાશી કારકિર્દીના અસીમ દ્વાર ખોલશે

ગાંધીનગર, તા.૬

વિશ્વભરમાં ભારતનું સિવિલ એવિએશન ક્ષેત્ર હાલમાં સૌથી ઝડપથી વિકસતાં ક્ષેત્રોમાં સ્થાન પામી રહ્યું છે. વધતો પેસેન્જર ટ્રાફિક અને કેન્દ્ર સરકારની ઉડાન યોજના અંતર્ગત વધેલા પ્રાદેશિક જોડાણને કારણે ઉડ્ડયન ક્ષેત્રે ક્રાંતિ આવી છે. ભારતીય એરલાઇન્સ દ્વારા અપાયેલા અંદાજે સત્તરસો જેટલા નવા વિમાનોના ઐતિહાસિક ઓર્ડરના પગલે દેશમાં આગામી વર્ષોમાં પચીસથી ત્રીસ હજાર જેટલા નવા કોમર્શિયલ પાયલટ્સની જંગી માંગ સર્જાવાની છે. દેશની આ ભવિષ્યની જરૂરિયાતને પહોંચી વળવા માટે ગુજરાતે અગ્રેસર ભૂમિકા ભજવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન સાથે રાજ્યમાં સિવિલ એવિએશનનું અદ્યતન માળખું ઊભું કરીને ગુજરાત આજે કોમર્શિયલ પાયલટ ટ્રેનિંગનું રાષ્ટ્રીય હબ બની ગયું છે.

ગુજરાતમાં હાલમાં પાંચ ફ્લાઇંગ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન્સ એટલે કે એફટીઓ સફળતાપૂર્વક કાર્યરત છે જેમાં મહેસાણા એરસ્ટ્રિપ ખાતે સ્કાયનેક્સ એરો પ્રાઇવેટ લિમિટેડ અને બ્લૂ રે એવિએશન પ્રાઇવેટ લિમિટેડ તેમજ અમરેલી એરસ્ટ્રિપ ખાતે વિઝન ફ્લાઇંગ ટ્રેઇનીંગ ઇન્સ્ટિટ્યૂટ અને ગુજરાત ફ્લાઇંગ ક્લબ ઉપરાંત ભાવનગર એરપોર્ટ ખાતે દુનેસ એવિએશન પ્રાઇવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના સિવિલ એવિએશન વિભાગ અને ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ દ્વારા ટૂંક સમયમાં જ વધુ પાંચ નવી ફ્લાઇંગ ટ્રેનિંગ સંસ્થાઓ શરૂ કરવામાં આવનાર છે. આ નવી શરૂઆત સાથે રાજ્યમાં કુલ દસ ફ્લાઇંગ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન્સનું એક ખૂબ જ મજબૂત નેટવર્ક તૈયાર થશે જે ગુજરાતને દેશનું સૌથી મોટું રાજ્યસ્તરીય પાયલટ તાલીમ ઇકોસિસ્ટમ બનાવશે.



વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવા તરફ મક્કમ કદમ

,આધુનિક ટેકનોલોજી અને દીર્ઘદ્રષ્ટા આયોજન તેમજ રોકાણકાર મૈત્રીપૂર્ણ નીતિઓના સંગમથી ગુજરાતે આકાશમાં વિકાસની એક નવી ક્ષિતિજ અંકિત કરી છે. આગામી સમયમાં જ્યારે વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરે ભારતીય એવિએશન સેક્ટર નવી ઊંચાઈઓ સર કરશે ત્યારે દેશના પેસેન્જર વિમાનોનું સંચાલન કરતાં પાયલટ્સમાં ગુજરાતે ઘડેલા યુવાનો મોખરે હશે. ગુજરાતનું આ મજબૂત એકોસ્ટીઓ મોડલ વર્ષ બે હજાર સુડતાલીસના વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવામાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપવા સંપૂર્ણપણે સજ્જ છે.

ત્રણ હજારથી વધુ કોમર્શિયલ પાયલટ તૈયાર કરવાની ઐતિહાસિક સિદ્ધિ

ફ્લાઇંગ ટ્રેનિંગ ક્ષેત્રે ગુજરાતની સંસ્થાઓએ ઉત્કૃષ્ટ પરિણામો આપીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં બાવનસોથી વધુ વિદ્યાર્થીઓએ ઉડ્ડયનની તાલીમ મેળવી છે અને બત્રીસસોથી વધુ કોમર્શિયલ પાઇલટ લાયસન્સ ધારકો અહીંથી તૈયાર થયા છે. હાલમાં પણ બસોથી વધુ ભાવિ પાયલટ્સ સઘન તાલીમ લઈ રહ્યા છે. આ સાથે વર્ષ ઓગણીસો અઠ્ઠાવનમાં વડોદરા ખાતે સ્થાપિત અને દેશની સૌથી લાંબા સમયથી કાર્યરત ડીજીસીએ માન્ય સંસ્થાઓમાંની એક એવી ગુજરાત ફ્લાઇંગ ક્લબ રાજ્યના આ ગૌરવપૂર્ણ વારસાને વધુ બળ પૂરું પાડી રહી છે.

હમેં તો અપનોને લૂંટા...પરપ્રાંતીય નહિ આ વખતે સોની વેપારીએ જ કર્યો વિશ્વાસઘાત

સોની બજારમાં ૧.૦૫ કરોડનું સોનું ઓળવી જવાયું

વેપારી ભાવિકભાઈ શાહનું સોનું પરત ન આપી શ્યામ પટણીએ આચરી છેતરપિંડીઃ એ ડિવિઝન પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ

રાજકોટ, તા.૬

સોની બજાર વિસ્તારમાં વિશ્વાસઘાત અને ઠગાઈનો વધુ એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. સોનાના દાગીના બનાવવાના બહાને જાણીતા વેપારી પાસેથી મેળવેલું રૂ. ૧.૦૫ કરોડથી પણ વધુની કિંમતનું ફાઈન સોનું પરત ન આપી ઓળવી જતાં સમગ્ર વેપારી આલમમાં ચકચાર વ્યાપી ગઈ છે. દાગીના બનાવવા માટે આપવામાં આવેલું કરોડથી વધુની કિંમતનું સોનું પચાવી પાડી છેતરપિંડી આચરવા અંગે પીડિત વેપારીની ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. સુપ્રસિદ્ધ સોની બજાર વિસ્તારમાં કરોડો રૂપિયાનું સોનું ઓળવી જઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી આચર્યાનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. સોનાના દાગીના બનાવવા માટે સોંપવામાં આવેલું ૧,૦૫,૦૦,૦૦૦ (એક કરોડ પાંચ લાખ)ની કિંમતનું સોનું પરત ન આપી ઓળવી જવા અંગે વેપારી શ્યામભાઈ સુરેશભાઈ પટણી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. વિગતો જોઈએ તો જાગનાથ પ્લોટ વિસ્તારમાં રહેતા અને સોની બજારની બોધાણી શેરી પાસે આવેલી 'છ.ઽ. ઘક્ષિફળયક્ષતિં' નામની પેઢીના પાવર ઓફ એટર્ની હોલ્ડર ભાવિકભાઈ જયેશભાઈ શાહ (ઉ.વ. ૪૪) દ્વારા આ અંગે પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.



ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી ભાવિકભાઈ શાહની પેઢી છેલ્લા પાંચેક વર્ષથી સોની બજારમાં પેલેસ રોડ પર આવેલી 'ખ/ત અઝછઊઅઝઊ' નામની પેઢી સાથે વેપાર-ધંધો કરતી હતી. આ પેઢીના સંચાલક આરોપી શ્યામભાઈ સુરેશભાઈ પટણીને તેઓ અવારનવાર ઓર્ડર મુજબ સોનાના વિવિધ ડિઝાઇનના દાગીના બનાવવા માટે કાચું (ફાઈન) સોનું આપતા હતા અને સામે મજૂરી ચૂકવતા હતા. વર્ષ ૨૦૨૨થી આ રીતે વેપાર ચાલતો હોવાથી શ્યામ પટણી પર વિશ્વાસ બેસી ગયો હતો. દરમિયાન તારીખ ૦૨/૦૯ના રોજ 'છ.ઽ. ઘક્ષિફળયક્ષતિં'ના ભાવિકભાઈ શાહ દ્વારા ખ/ત અઝછઊઅઝઊ વાળા શ્યામ પટણીને અલગ-અલગ મિશ્ર ડિઝાઇનના દાગીના બનાવવા માટે વાઉચર નંબર ઊંઈજ-૯૫ થી કુલ ૬૫૬.૮૧૦ ગ્રામ (૯૯%) સોનું આપવામાં આવ્યું હતું. આ સોનામાંથી ૬૫૩.૫૨૬ ગ્રામ ફાઈન સોનું (૯૯.૫૦%) તથા એલોય ૫૫.૦૯૨ ગ્રામ હતું, જેની વર્તમાન બજાર કિંમત આશરે રૂપિયા ૧,૦૫,૦૦,૦૦૦ થાય છે.

પોલીસ કાર્યવાહી શરૂ

નિયત સમયમાં દાગીના બનાવી પરત આપવાના બદલે આરોપી શ્યામ પટણીએ આ સોનું ઓળવી લીધું હતું. ભાવિકભાઈ શાહ દ્વારા અવારનવાર સોનું કે દાગીના માંગવા છતાં આરોપી શ્યામ પટણી ખોટા બહાના કાઢી સોનું પરત કરતો ન હતો. આખરે પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનું જણાતા ફરિયાદી ભાવિકભાઈ શાહે તપોવન સોસાયટી, શેરી નં. ૬ અ, અમીન માર્ગ ખાતે રહેતા આરોપી શ્યામભાઈ સુરેશભાઈ પટણી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. આ મામલે એ ડિવિઝન પોલીસ ઈન્સ. જે.વી. વાઢીયાના માર્ગદર્શન હેઠળ ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સોમનાથથી દિલ્હી સુધી બનશે નવો એક્સપ્રેસ-વે

સૌરાષ્ટ્રના તીર્થસ્થળો દિલ્હી સાથે સીધા જોડાશે : ૧૪ થી ૧૬ કલાકમાં પહોંચી શકાશે દિલ્હી



રાજકોટ, તા. ૬

ગુજરાતમાં આશરે રૂ.૫૭,૧૨૦ કરોડના ખર્ચે ૬૮૦ કિલોમીટર લાંબા સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વેનું આયોજન છે. આ કોરિડોર અમદાવાદ, રાજકોટ, પોરબંદર, દ્વારકા અને સોમનાથને ઝડપી માર્ગથી જોડશે. અન્ય એક્સપ્રેસવે સાથે જોડાણ બાદ સોમનાથથી દિલ્હીનો પ્રવાસ આશરે ૧૪થી ૧૬ કલાકમાં શક્ય બનવાની અપેક્ષા છે. પ્રોજેક્ટથી સૌરાષ્ટ્રના પ્રવાસન, વેપાર, યાત્રાધામો અને રોડ કનેક્ટિવિટીને મોટો લાભ મળી શકે છે.

ગુજરાતના રોડ નેટવર્કને વધુ મજબૂત બનાવવા માટે આશરે રૂ.૫૭,૧૨૦ કરોડના ખર્ચે ૬૮૦ કિલોમીટર લાંબા સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ વે બનાવવા પર કામ આગળ વધી રહ્યું છે. આ મહત્વાકાંક્ષી રોડ પ્રોજેક્ટ અમદાવાદ, રાજકોટ, પોરબંદર, દ્વારકા અને સોમનાથ જેવા મહત્ત્વના શહેરો તથા યાત્રાધામોને ઝડપી માર્ગ સાથે જોડશે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સૌરાષ્ટ્રથી અમદાવાદ અને ત્યાંથી દિલ્હી-NCR તરફની રોડ કનેક્ટિવિટીમાં મોટો સુધારો થવાની અપેક્ષા છે. પ્રસ્તાવિત કોરિડોર સીધો સોમનાથથી દિલ્હી સુધીનો એક જ એક્સપ્રેસવે નહીં હોય, પરંતુ અમદાવાદ અને આગળના રાષ્ટ્રીય એક્સપ્રેસવે નેટવર્ક સાથે જોડાણને કારણે દિલ્હી સુધીનો પ્રવાસ નોંધપાત્ર રીતે ઘટી શકે છે. હાલ સોમનાથથી દિલ્હી રોડ માર્ગે અંદાજે ૧,૪૨૦ કિલોમીટરનું અંતર છે અને મુસાફરીમાં સામાન્ય રીતે ૨૨થી ૨૪ કલાક લાગી શકે છે. નવા માર્ગ નેટવર્ક બાદ આ સમય આશરે ૧૪થી ૧૬ કલાક સુધી ઘટી શકે તેવી ધારણા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ પ્રોજેક્ટનો સૌથી મોટો લાભ સૌરાષ્ટ્રના વિસ્તારોને મળશે. સોમનાથ સાથે પોરબંદર અને દ્વારકા જેવા ધાર્મિક તથા પ્રવાસન કેન્દ્રો ઝડપી રોડ નેટવર્કમાં જોડાશે. તેના કારણે દ્વારકાધીશ મંદિર અને સોમનાથ મહાદેવના દર્શન માટે આવતા પ્રવાસીઓની મુસાફરી વધુ સરળ બનશે. સાથે જ રાજકોટ અને અમદાવાદ જેવા ઔદ્યોગિક અને વ્યાપારી કેન્દ્રો સુધી પહોંચવાનો સમય પણ ઘટશે.

વેપાર અને પ્રવાસનને મળશે નવી ગતિ

આ એક્સપ્રેસવે માત્ર મુસાફરીનો સમય ઘટાડવા પૂરતો સીમિત નહીં રહે. સૌરાષ્ટ્રના બંદરો, પ્રવાસન કેન્દ્રો, ધાર્મિક સ્થળો અને ઔદ્યોગિક વિસ્તારો વચ્ચે ઝડપી વાહનવ્યવહાર શક્ય બનવાથી સ્થાનિક વેપાર અને લોજિસ્ટિક્સને પણ ફાયદો થવાની શક્યતા છે. પ્રોજેક્ટના અમલીકરણ અને અંતિમ સમયરેખા સંબંધિત પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ ગુજરાતના રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ કોરિડોર મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતીએ રાષ્ટ્રીયશાળામાં ગાંધી ક્વિઝ યોજાઈ

શહેરની જુદી જુદી કોલેજના વિદ્યાર્થી ભાઈ બહેનો ઉત્સાહભેર જોડાયા ક્વિઝમાં



રાજકોટ, તા.૬

શહેરની વિવિધ કોલેજોના ૭૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો, ૧ થી ૯ ક્રમે ઉત્તીર્ણ થયેલા સ્પર્ધકોનું પુરસ્કાર આપી સન્માન કરાયું રાજકોટ સ્થિત ઐતિહાસિક રાષ્ટ્રીયશાળા ટ્રસ્ટ તથા ધ બધેકા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતીના પાવન અવસર પર 'ગાંધી ક્વિઝ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વિઝ સ્પર્ધામાં શહેરની જાણીતી ટી.એન.રાવ કોલેજ, જે.જે.કુંડલીયા કોલેજ, ક્રાઈસ્ટ કોલેજ, હરિવંદના કોલેજ, એવીપીટી કોલેજ, દર્શન યુનિવર્સિટી, એમવીએમ આર્ટસ કોલેજ, આઈ.એલ.ટી. કોલેજ અને કણસાગરા કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી, જેમાં અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીયશાળાના પ્રમુખ જયંતીભાઈ કાલરીયા, પૂર્વ મેયર અશોકભાઈ ડાંગર, પૂર્વ વાઈસ ચાન્સલર કલ્પકભાઈ ત્રિવેદી, પૂર્વ વાઈસ ચાન્સલર નીદતભાઈ બારોટ, ધ બધેકા ટ્રસ્ટના પીયુષભાઈ મહેતા, ડો. અનામિકભાઈ શાહ, મધુરીકાબેન જોડેજા તેમજ રાષ્ટ્રીયશાળાના મેનેજિંગ ટ્રસ્ટી જીતુભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્ય બાદ રાષ્ટ્રીયશાળાના સંગીત વિભાગ દ્વારા ગાંધીજીના અતિપ્રિય એવા 'વૈષ્ણવ જન તો તેને કહીએ' ભજનને શાસ્ત્રીય રાગમાં રજૂ કરીને સમગ્ર વાતાવરણને ભક્તિમય અને મંત્રમુગ્ધ કરી દીધું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીયશાળાના પ્રમુખ જયંતીભાઈ કાલરીયા અને ધ બધેકા ટ્રસ્ટના ડો. અનામિકભાઈ શાહે પ્રાસંગિક ઉદ્બોધન કરી ઉપસ્થિત સર્વેને માર્ગદર્શિત કર્યા હતા. ત્યારબાદ યોજાયેલી ગાંધી ક્વિઝ સ્પર્ધામાં વિવિધ કોલેજોમાંથી આવેલા ૭૫ જેટલા વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા દર્શાવી હતી. સ્પર્ધાના અંતે ૧ થી ૯ ક્રમ સુધી ઉત્તીર્ણ થયેલા વિજેતા વિદ્યાર્થીઓને તેમજ અન્ય તમામ સ્પર્ધકોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહક પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મીનુ જસદણવાળાએ કર્યું હતું, જેમાં વિવિધ કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સરકારના ત્રિવેણી સંગમથી ૩૦ હજાર યુવાનો આત્મનિર્ભર!

ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન હેઠળ NSQF,પ્રોજેક્ટ સંકલ્પ અને લાઈવ યોજના થકી ૩૦ હજારથી યુવાનો બન્યા ઇન્ડસ્ટ્રી-રેડી

રાજકોટ તા. ૬

ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન (GSDM) હેઠળ NSQF, પ્રોજેક્ટ સંકલ્પ અને LIVE યોજના થકી ૩૦૦૦૦ + યુવાનો બન્યા ઇન્ડસ્ટ્રી-રેડી. ITI અભ્યાસક્રમો અને સ્ટાઈપેન્ડ વિશે જાણો.

Project SANKALP : કોઈપણ રાષ્ટ્ર કે રાજ્યના વિકાસનો પાયો તેની યુવા શક્તિ પર રહેલો છે. ભારત જ્યારે વિશ્વમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવતો દેશ છે, ત્યારે આ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો યોગ્ય ઉપયોગ કરવો અનિવાર્ય બન્યો છે. આજના ઝડપથી બદલાતા ઔદ્યોગિક યુગમાં માત્ર પરંપરાગત ડિગ્રી પૂરતી નથી, પરંતુ ઉદ્યોગોની માંગ અનુસાર હાથવગી કુશળતા હોવી અત્યંત જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સ્કિલ ઈન્ડિયા' અને 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સરકારે યુવા કૌશલ્ય નિર્માણને પ્રાથમિકતા આપી છે. આ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અભિગમ અંતર્ગત શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા શરૂ કરાયેલા વિવિધ અભિયાનો થકી ગુજરાતના યુવાનોને 'ઇન્ડસ્ટ્રી-રેડી' બનાવી 'વિકસિત ગુજરાત ૨૦૪૭' ની દિશામાં આગળ ધપાવવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અને શ્રમ, કૌશલ્ય વિકાસ તેમજ રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તથા રાજ્ય મંત્રી કાંતિભાઈ અમૃતિયાના નેતૃત્વમાં ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન દ્વારા અમલી વિવિધ યોજનાઓના ત્રિવેણી સંગમ થકી રાજ્યના ૩૦ હજારથી વધુ યુવાનો કૌશલ્ય તાલીમ સાથે જોડાઈ ચૂક્યા છે.આંકડાકીય પ્રગતિ ફિનજર કરીએ તો ટૂંકાગાળાના અભ્યાસક્રમોમાં ૧૮,૧૧૨ ઉમેદવારો, પ્રોજેક્ટ સંકલ્પમાં ૭,૧૫૨ ઉમેદવારોલાઈવ યોજનામાં ૫,૧૧૮ ઉમેદવારો, કુલ સહભાગિતામાં ૩૦,૩૮૨થી વધુ તાલીમાર્થીઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારે ઉદ્યોગો અને સ્થાનિક રોજગારીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ત્રણ સ્તરે નક્કર આયોજન હાથ ધર્યું છે. ટૂંકાગાળાના અભ્યાસક્રમો (સર્વસમાવેશી તાલીમ)માં રાજ્યની વિવિધ સરકારી ITI દ્વારા હેલ્થકેર, આઈ.ટી., એપરલ, બ્યુટી એન્ડ વેલનેસ, કેપિટલ ગુડ્સ અને એગ્રીકલ્ચર જેવા બહુવિધ ક્ષેત્રોમાં ૨ થી ૬ મહિનાના સર્ટિફિકેટ કોર્સ ચલાવવામાં આવે છે.ધોરણ ૫, ૮, ૯ અને ૧૦ પાસથી લઈને સ્નાતક સુધીના તમામ યુવાનો પોતાની શૈક્ષણિક યોગ્યતા મુજબ પ્રવેશ મેળવી શકે છે.સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર ઉમેદવારોને GCVT (ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ) દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે. અને 'પ્રોજેક્ટ સંકલ્પ' (વાસ્તવિક ઔદ્યોગિક પરિસરમાં પ્રાયોગિક તાલીમ)નો સમાવેશ થાય છે. યુવાનોને સીધા વાસ્તવિક ઔદ્યોગિક વાતાવરણ સાથે જોડવા માટે 'પ્રોજેક્ટ સંકલ્પ' અમલમાં મુકાયો છે. સંબંધિત ઉદ્યોગોની જરૂરિયાત મુજબ ફેક્ટરી કે પ્લાન્ટ પરિસરમાં જ ૩ થી ૬ મહિનાની સંપૂર્ણ નિઃશુલ્ક તાલીમ અપાય છે.આધુનિક મશીનરી પર હેન્ડ્સ-ઓન કામ કરવાનો અનુભવ, સર્ટિફાઈડ ટ્રેનર્સ દ્વારા માર્ગદર્શન, સેક્ટર સ્કીલ કાઉન્સિલ દ્વારા મૂલ્યાંકન અને રાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેશન મળવાથી ઉમેદવારો માટે સીધા રોજગારની તકો ઊભી થાય છે.



જ્યારે 'LIVE' યોજના અંતર્ગત સ્થાનિક ઉદ્યોગો અને ક્લસ્ટર આધારિત કૌશલ્યનો સમાવેશ થાય છે.ક્લસ્ટર બેઝ્ડ લોકલ ઈન્સ્ટીટ્યુટ ઓફ વોકેશનલ એજ્યુકેશન (LIVE) અંતર્ગત સરકારી ITI, સ્થાનિક GIDC અને ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સહયોગથી સ્થાનિક માંગ આધારિત તાલીમ અપાય છે.Food Packer, PCB Assembly Operator, Edible Oil Packaging Operation, Agricultural Equipments, Organic Farming, Checker Inline Measurement અને Jigger Machine Operator જેવા રોજગારલક્ષી ટ્રેડ્સનો સમાવેશ થાય છે. તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને આર્થિક ટેકો મળી રહે તે હેતુથી ઉઇઝ (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) મારફતે લઘુત્તમ વેતનના ૫૦ ટકા સુધીનું સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે.

'કૌશલ્યથી રોજગાર અને રોજગારથી આત્મનિર્ભરતા'

ગુજરાત સરકારનો આ નવતર અભિગમ માત્ર તાલીમ આપવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ યુવાનોમાં કાર્યક્ષમતા અને આત્મવિશ્વાસ પેદા કરી તેમને આત્મનિર્ભર બનાવવાનો છે. 'કૌશલ્યથી રોજગાર અને રોજગારથી આત્મનિર્ભરતા'ની આ યાત્રા રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે. જ્યારે યુવાધન ઉદ્યોગોની નવીનતમ ટેકનોલોજી અને જરૂરિયાતો મુજબ તૈયાર થાય છે, ત્યારે સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધે છે અને રાજ્યનો આર્થિક વિકાસ વધુ વેગવાન બને છે. આગામી સમયમાં આ યોજનાઓ ગુજરાતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ અને સ્કીલ્ડ મેનપાવરનું વૈશ્વિક હબ બનાવવામાં નિર્ણાયક સાબિત થશે. રાજ્યના જે પણ યુવાનો પોતાના કૌશલ્યમાં વૃદ્ધિ કરી ઉજ્જવળ કારકિર્દી ઘડવા માંગતા હોય તેઓ ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશનની અધિકૃત વેબસાઈટ skills.gujarat.gov.in અથવા નજીકની સરકારી ઈંઝઈનો સંપર્ક કરી આ કૌશલ્ય ક્રાંતિમાં જોડાઈ શકે છે.

ફૂડ વિભાગનું મોટું 'સરપ્રાઈઝ ચેકિંગ'

૯૩ વેપારીઓને ત્યાં દરોડા, અખાદ્ય ખોરાક બનાવતી બ્રાન્ડસ અને હોસ્પિટલના રસોડા સુધી તપાસનો ધમધમાટ

રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરના નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા અને ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ તેમજ અસ્વચ્છતા સામે એક અત્યંત કડક અને વ્યાપક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. શહેરમાં પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતા અને નિયમોનું ઉલ્લંઘન કરતા વેપારીઓ સામે લાલ આંખ કરીને ફૂડ વિભાગની વિશેષ ટીમો દ્વારા નગરભરમાં સઘન સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ખાસ તપાસ ઝુંબેશ દરમિયાન શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલી નાની-મોટી કુલ ૯૩ જેટલી વેપારી પેઢીઓની આકસ્મિક ચકાસણી કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન મળી આવેલા કુલ ૧૧૫ કિલોગ્રામ જેટલા અખાદ્ય, વાસી અને એક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ હોય તેવા જોખમી ખાદ્યસામગ્રીના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આરોગ્યપ્રદ પરિસ્થિતિ ન જાળવવા, લાયસન્સ વગર વેપાર કરવા અને અયોગ્ય સ્ટોરેજ કરવા બદલ કુલ ૨૨ પેઢીઓને કાયદેસરની નોટિસ ફટકારવામાં આવી હતી તથા સ્થળ પર જ કુલ રૂ. ૨૭,૦૦૦નો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવ્યો હતો.

ફૂડ વિભાગની આ આકસ્મિક તપાસ દરમિયાન જાણીતા રેસ્ટોરેન્ટ્સ અને ખાણી-પીણીના સ્થળો પરથી અત્યંત ચોંકાવનારી ખામીઓ સામે આવી હતી.





ભાવનગર રોડ પર ખાદી ગ્રામઉદ્યોગ સામે આવેલા 'ગ્રીન પાલક પંજાબી ચાઈનીઝ' માંથી વાસી, પડતર, કાપેલા તથા બાફેલા શાકભાજી, વાસી મંચુરિયન, પડતર સોસ, ચટણી, ગ્રેવી, વારંવાર ગરમ કરીને કાળું પડી ગયેલું દાઝ્યું તેલ તેમજ પડતર લોટ મળીને કુલ ૫૨ કિલોગ્રામ જેટલો મોટો અખાદ્ય જથ્થો મળી આવ્યો હતો, જેનો સ્થળ પર જ નાશ કરીને હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપી રૂ. ૩,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો. તે જ રીતે, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રૈયા ચોકડી પાસે આવેલ 'વિશ્વા ફૂડ્સ (ઉશિહયત ાશુફ)' માંથી પણ વાસી કાપેલા શાકભાજી, પડતર લોટ અને લેબલ વગરના પેકેટ્સ મળી કુલ ૨૩ કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરી નોટિસ સાથે રૂ. ૧૦,૦૦૦નો ભારે દંડ ફટકારવામાં આવ્યો હતો. કાલાવડ રોડ પર નેપ્ચ્યુન ટાવર સામે આવેલા 'જ્ઝઝઈઝ' નામના એકમમાંથી એક્સપાયર થયેલી બ્રેડ, કાપેલા શાકભાજી, પડતર રાઈસ અને નૂડલ્સ મળીને ૧૦ કિલો સામગ્રીનો નાશ કરી રૂ. ૨,૦૦૦નો ચાર્જ વસૂલાયો હતો. સાધુવાસવાણી રોડ પર ચાલતા 'રવિકાંત વિંદ પાણીપુરી વાલા' ને ત્યાંથી સડેલા-બાફેલા બટેટા અને જીવાતવાળો ૨૦ કિલો લોટ જપ્ત કરી નાશ કરાયો હતો અને રૂ. ૫૦૦ દંડ સાથે નોટિસ અપાઈ હતી, જ્યારે પંચવટી મેઈન રોડ પર સ્થિત 'પટેલ ફરસાણ' માંથી ખાદ્યપદાર્થ પેક કરવા માટે વપરાતી ૧૦ કિલો પસ્તીનો નાશ કરવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગે આ સ્પષ્ટ અને આકરી કાર્યવાહી દ્વારા તમામ ખાદ્ય વિક્રેતાઓને કડક ચેતવણી આપી છે કે પ્રજાના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારની બેદરકારી કે ખીલવાડ ચલાવી લેવામાં આવશે નહીં અને આગામી દિવસોમાં પણ આ પ્રકારની આકસ્મિક તપાસ ઝુંબેશ વધુ આક્રમક રીતે ચાલુ રાખવામાં આવશે.

ગંદકી, દવાની અછત અને લોહીની તંગી મુદ્દે અધિક્ષકની ઘેરાબંધી, મોટો ધમાકો કરવાની ચેતવણી

સિવિલ હોસ્પિટલની નરકાગાર સ્થિતિ સામે કોંગ્રેસ આક્રમક



રાજકોટ, તા. ૬

સૌરાષ્ટ્રભરના ગરીબ અને સામાન્ય વર્ગના દર્દીઓ માટે સંજીવની સમાન ગણાતી રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલ હાલ પોતે જ ગંભીર વહીવટી રોગચાળાની ચપેટમાં આવી ગઈ હોય તેવી ભયાનક પરિસ્થિતિ નિર્માણ પામી છે. હોસ્પિટલ પરિસરમાં ચારેતરફ ખદબદતી ગંદકી, અત્યંત જરૂરી એવી જીવન રક્ષક દવાઓની કાયમી અછત અને બ્લડ બેંકમાં લોહીના ફાંફા હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે આજે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે સૂત્રોચ્ચારો અને હલ્લાબોલ સાથે જબરદસ્ત વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોના કાફલાએ સિવિલ અધિક્ષક (સુપ્રિન્ટેન્ડન્ટ)ની ચેમ્બરમાં ધસી જઈ આકરા પ્રહારો સાથે રજૂઆત કરી તંત્રની નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દરરોજ હજારો દર્દીઓ સારવાર અર્થે આવે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી અહીં પાયાની તબીબી સુવિધાઓનો સંપૂર્ણપણે અભાવ જોવા મળી રહ્યો છે. હોસ્પિટલના જનરલ વોર્ડથી લઈને પેસેજ અને શૌચાલયોમાં નરકાગાર જેવી ગંદકી વ્યાપેલી છે. સાજા થવાની આશાએ આવતા દર્દીઓ અહીંની દુર્ગંધ અને અસ્વચ્છતાને કારણે વધારાના ઈન્ફેક્શનનો ભોગ બની રહ્યા છે. સફાઈના કોન્ટ્રાક્ટ પાછળ દર મહિને લાખો રૂપિયાનું અંધાધૂંધ બજેટ વપરાઈ રહ્યું હોવાના દાવાઓ વચ્ચે વાસ્તવિકતા અત્યંત બિહામણી છે.

આ ઉપરાંત, સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ માટે સૌથી મોટી આફત દવાઓની અછત બની રહી છે. ઈમરજન્સી વિભાગ, આઈસીયુ કે સામાન્ય વોર્ડમાં દાખલ દર્દીઓને જરૂરી એવી પ્રાથમિક તેમજ જીવન રક્ષક દવાઓ અને ઈંજેક્શનો હોસ્પિટલના સ્ટોરમાંથી મળતા જ નથી. પરિણામે, મજબૂર બનેલા ગરીબ દર્દીઓના સ્વજનોને મોડી રાત્રે પણ બહારના ખાનગી મેડિકલ સ્ટોર્સમાંથી મોંઘા ભાવે દવાઓ ખરીદવી પડી રહી છે. આટલું ઓછું હોય તેમ, બ્લડ બેંકમાં પણ લોહીના કાયમી ફાંફા રહેતા હોવાથી ક્રિટિકલ કેસમાં દર્દીના પરિજનોએ લોહીની બોટલ માટે કલાકો સુધી રઝળપાટ કરવી પડે છે. 'સરકારી હોસ્પિટલમાં મફત સારવાર'નો દાવો કાગળ પર જ સીમિત રહી ગયો છે અને દર્દીઓનું આર્થિક શોષણ થઈ રહ્યું છે.

કોંગ્રેસના ડેલીગેશને સિવિલ અધિક્ષકને આવેદનપત્ર પાઠવીને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે હોસ્પિટલ વહીવટી તંત્ર પોતાની ઊંઘમાંથી જાગે અને તાત્કાલિક ધોરણે તમામ જીવન રક્ષક દવાઓનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ કરાવે. સાથોસાથ સફાઈ વ્યવસ્થામાં આકરા પગલાં લેવામાં આવે અને બ્લડ બેંકની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે. જો આગામી ટૂંક સમયમાં સ્થિતિમાં સુધારો લાવવામાં નહીં આવે તો કોંગ્રેસ દ્વારા સિવિલ હોસ્પિટલના વહીવટી બ્લોકને તાળાબંધી કરી ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સિવિલ તંત્ર અને સરકારની રહેશે.

ચોવીસ ગામોને ૫૦ લાખના વિકાસ કામોની ભેટ

કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જળ અને સ્વચ્છતા સમિતિની બેઠકમાં લેવાયો નિર્ણય

રાજકોટ, તા. ૬

જિલ્લામાં ગ્રામીણ જળ પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તેમજ સ્વચ્છતા અભિયાનને નવી ઊંચાઈએ પહોંચાડવાના આશયથી કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને 'જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ'ની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના છેવાડાના માનવી સુધી પીવાનું સ્વચ્છ પાણી પહોંચાડવા અને ગ્રામીણ સ્વચ્છતાના વિવિધ પ્રોજેક્ટ્સને ઝડપથી પૂર્ણ કરવા માટે પ્રોજેક્ટવાર સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.



અતિ મહત્વના નિર્ણય અંતર્ગત, કલેક્ટર દ્વારા ગ્રામ્ય પાણી પુરવઠા યોજના હેઠળ જિલ્લાના ૨૪ ગામોમાં અંદાજિત રૂ. ૫૦ લાખના વિવિધ વિકાસ કાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત, તાલુકાવાર યાંત્રિક અને સિવિલ વિભાગ અંતર્ગત ચાલી રહેલા પ્રગતિ હેઠળના કામોની વિગતો મેળવીને તમામ કામગીરી ચોક્કસ સમયમર્યાદામાં પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને કડક દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા.

જિલ્લામાં જૂથ સુધારણા યોજના અંતર્ગત બિનજરૂરી કે ખૂટતા સ્ટોરેજના સંપ રદ કરવા બાબતે કલેક્ટરે ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સાથે જ, ગ્રામીણ યોજનાઓની મરામત અને નિભાવણીની કામગીરીમાં મહિલા સ્વસહાય જૂથોની ભાગીદારી વધારવા, પાણી વેરા વસૂલાત પ્રોત્સાહન યોજનાનો વ્યાપ વધારવા અને પાણી પુરવઠા કચેરીની એકંદર કામગીરીને વધુ પારદર્શક બનાવવા અંગે ગહન પરામર્શ કરવામાં આવ્યો હતો.

બેઠકમાં જળ વ્યવસ્થાપનની સાથે સાથે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ની પ્રગતિ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. કલેક્ટરે વ્યક્તિગત અને સામૂહિક શૌચાલયો, સેગ્રીગેશન શેડ, સામુહિક કમ્પોસ્ટ પીટ, સોકપીટ, ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ગોબરધન યોજના હેઠળ પૂર્ણ થયેલા, વર્તમાનમાં ચાલુ હોય તેવા અને પ્રક્રિયા હેઠળના કામોનો હિસાબ લીધો હતો. આ અંતર્ગત વિશેષ મંજૂરી આપતાં ધોરાજી તાલુકાના મોટી પરબડી અને ભુતવડ ગ્રામ પંચાયત ખાતે નવા સામુહિક શૌચાલયોના નિર્માણ માટે સૈદ્ધાંતિક મંજૂરી પણ આપવામાં આવી હતી.

ગામડાઓમાં પાણીની ગુણવત્તા સતત જળવાઈ રહે તે માટે પાણી ચકાસણીની કામગીરીને વધુ સુદ્રઢ કરવા અને પંપ ઓપરેટરોને ગુજરાત પાણી પુરવઠા બોર્ડના હેડવર્કસ ખાતે વિશેષ તાલીમ આપવા બાબતે ખાસ ભાર મુકાયો હતો. આ બેઠકમાં આસિસ્ટન્ટ કલેક્ટર ટીના કલ્યાણ, વાસ્મો યુનિટ મેનેજર ડી. એસ. બારીયા, પાણી પુરવઠા કાર્યપાલક ઈજનેર અંકિતભાઈ ગોહેલ, જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલ તેમજ સ્વચ્છ ભારત મિશનના જિલ્લા કો-ઓર્ડીનેટર મીનાક્ષીબેન કાચા સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

વિજયસિંહ જાડેજાના સણસણતા આક્ષેપોથી રાજકારણ ગરમાયું

રાજકોટ કોંગ્રેસમાં આંતરિક વિસ્ફોટ

'ભાજપ-કોંગ્રેસનું ઈલુ-ઈલુ' અને શિક્ષણ સંસ્થાઓમાં ગેરરીતિ સામે આક્રમક મોરચો શિક્ષણ સમિતિ ફોર્મ વિવાદ બાદ મોટો ભડાકોઃ ગુરુ વંદના લો કોલેજ સામે મોરચો મંડાયો

રાજકોટ, તા. ૬

રાજકોટના રાજકારણમાં લાંબા સમયથી સપાટી નીચે ધગધગતો અસંતોષ અને પડદા પાછળની રમતો હવે ખુલ્લેઆમ સામે આવી ગઈ છે. શહેર કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા નેતા વિજયસિંહ જાડેજાએ સ્થાનિક નેતાગીરી સામે મોટો ધડાકો કરતા રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચાવી દીધી છે. શિક્ષણ સમિતિના ઉમેદવારી ફોર્મને લઈને ઊભા થયેલા વિવાદ બાદ હવે આ લડાઈ આરપારના તબક્કે પહોંચી ગઈ છે. વિજયસિંહ જાડેજાએ શહેર કોંગ્રેસ પ્રમુખ અને ભાજપના સ્થાનિક નેતાઓ વચ્ચે આંતરિક સાંઠગાંઠ હોવાનો સણસણતો આક્ષેપ કરતા કહ્યું છે કે, શહેરમાં ભાજપ અને કોંગ્રેસનું 'ઈલુ-ઈલુ' એટલે કે સેટિંગનું રાજકારણ ચાલી રહ્યું છે, જેના કારણે વિપક્ષની ભૂમિકા સાવ નબળી પડી ગઈ છે.

આ આક્ષેપો માત્ર રાજકીય નિવેદનબાજી સુધી સીમિત ન રાખતા વિજયસિંહ જાડેજાએ હવે દસ્તાવેજી અને કાયદાકીય ઘેરાબંધી શરૂ કરી દીધી છે. તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર (VC)ને રૂબરૂ મળીને 'ગુરુ વંદના લો કોલેજ' તેમજ રાજદીપસિંહ જાડેજા સાથે સંકળાયેલી કોલેજના સંચાલન અને મંજૂરી પ્રક્રિયા અંગે માહિતી અધિકાર (RTI) હેઠળ માહિતી માંગી છે. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે કોલેજની મંજૂરી મેળવતી વખતે કાગળ પર દર્શાવાયેલી ૫ એકર જમીન અને હાલની સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ વચ્ચે મોટો તફાવત છે. આ ઉપરાંત, કોલેજમાં પ્રોફેસરોની કાગળ પર દર્શાવાયેલી હાજરી અને વાસ્તવિક હાજરી સામે પણ ગંભીર શંકાઓ વ્યક્ત કરીને જમીનના ક્ષેત્રફળ અને શૈક્ષણિક નિયમોના પાલન અંગે ઊંડાણપૂર્વકની તપાસની માંગ કરી છે.

શિક્ષણ જગતમાં ચાલતી આવી અનિયમિતતાઓ અને રાજકીય આશ્રય સામે આકરા પ્રહારો કરતા તેમણે માંગ કરી છે કે, જો તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ, કૌભાંડ કે નિયમોનું ઉલ્લંઘન સાબિત થાય તો સત્તાધીશો દ્વારા તટસ્થ તપાસ કરીને દોષિતો સામે તાત્કાલિક ફોજદારી (ક્રિમિનલ) કાર્યવાહી કરવામાં આવે. શિક્ષણ સમિતિના ફોર્મ વિવાદથી શરૂ થયેલો આ ગ્રહક્લેશ હવે શિક્ષણ સંસ્થાઓની ગેરરીતિઓ સુધી વિસ્તરતા સ્થાનિક કોંગ્રેસ પ્રમુખ સહિતના નેતાઓ ભારે બેકફૂટ પર મુકાઈ ગયા છે. આ નવા આક્ષેપોના કારણે આગામી દિવસોમાં ક્રકોટનું રાજકારણ વધુ ગરમાય અને યુનિવર્સિટી કક્ષાએ પણ મોટા ખુલાસા થાય તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.



રેસકોર્સમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓની માનવ સાંકળ

સ્વચ્છતા અને એકતાનો અનોખો સંદેશઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના જાહેર જીવનને રાષ્ટ્રનિર્માણની અવિરત યાત્રા ગણાવતા શિક્ષણ મંત્રી

રાજકોટ, તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનના સફળ ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે પોતાના સંબોધનમાં મંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, 'માનવ સેવા અને જન સેવા એ જ સાચી પ્રભુ સેવા'ના મૂળ મંત્રને આત્મસાત કરીને વડાપ્રધાને દેશમાં સેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણનું એક અજોડ અને અવિસ્મરણીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળવાથી લઈને દેશના વડાપ્રધાન બન્યા બાદ પણ તેમણે અવિરતપણે દેશના ગરીબો, વંચિતો, મહિલાઓ તેમજ યુવાનોના સર્વાંગી સશક્તિકરણને જ પોતાની પ્રાથમિકતા બનાવી છે.

'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'ના મૂળ મંત્ર સાથે જનધન યોજના, આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના અને લખપતિ દીદી જેવી અનેક કલ્યાણકારી યોજનાઓના સીધા લાભ આજે દેશના છેવાડાના માનવી સુધી કોઈ પણ ભેદભાવ વિના પહોંચ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત આજે માત્ર દેશ જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ડિજિટલાઈઝેશન, સોલાર ઊર્જા, ખજ્ખઊ ક્ષેત્ર અને સેમિકન્ડક્ટર ઉદ્યોગોના વિકાસનું ગ્લોબલ રોલ મોડલ બની ચૂક્યું છે. બીજી તરફ, વંદે ભારત એક્સપ્રેસ અને ભારતમાલા જેવા મહત્વાકાંક્ષી માળખાગત પ્રોજેક્ટ્સ થકી સમગ્ર દેશ નવી ઊંચાઈઓ અને ઝડપ પ્રાપ્ત કરી રહ્યો છે. મહિલા સશક્તિકરણ,





કન્યા કેળવણી, સ્વચ્છ ભારત, આત્મનિર્ભર ભારતથી લઈને 'વિકસિત ભારત-૨૦૪૭' સુધીના સંકલ્પો વડાપ્રધાનના દૂરંદેશીપૂર્ણ અને વિઝનરી નેતૃત્વની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે.

રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે માત્ર માનવ સાંકળ જ નહીં, પરંતુ ૮૦ ફૂટના વિશાળ સર્કલમાં તૈયાર કરવામાં આવેલી પ્રાકૃતિક રંગોળી પણ સમગ્ર કાર્યક્રમ દરમિયાન રાજકોટવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. અનાજ, પરંપરાગત બાંધણી અને વિવિધ ભાત-ભાતની સાડીઓ સહિતની સામગ્રીનો અત્યંત સર્જનાત્મક ઉપયોગ કરીને આ આકર્ષક રંગોળી તૈયાર કરવામાં આવી હતી, જેમાં સૌરાષ્ટ્રની આગવી લોકકલા, પરંપરા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ભવ્ય ઝલક છતી થતી હતી. સ્વચ્છતાના પ્રબળ સંદેશ સાથે સૌરાષ્ટ્રની સંસ્કૃતિને ઉજાગર કરતા આ કાર્યક્રમે ઉપસ્થિત તમામ લોકોના દિલ જીતી લીધા હતા.

આ કાર્યક્રમ દરમિયાન મેયર નેહલ શુક્લએ પ્રાસંગિક ઉદબોધન કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય રમેશ ટીલાળા, દર્શિતાબેન શાહ, ઉદય કાનગડ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, અગ્રણી માધવ દવે તેમજ સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, વિવિધ શાળાઓના આચાર્યો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા નાગરિકો હાજર રહ્યા હતા.

રાજકીય બઘડાટી

આગામી ચૂંટણીઓ માટે માહોલ સેટ કરવા રાજકીય પક્ષોની મથામણ



ભારતીય રાજકારણમાં જ્યારે પણ ચૂંટણીઓ નજીક આવે છે, ત્યારે રાજકીય ગરમાવો, આરોપ-પ્રત્યારોપ અને આંદોલનોનો દોર શરૂ થઈ જતો હોય છે. તાજેતરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના ત્રિરંગાવાળા વિડીયો અને ચૂંટણી પંચ સામે વિપક્ષ દ્વારા શરૂ કરાયેલા દેશવ્યાપી પ્રદર્શનોએ દેશના રાજકીય માહોલમાં ભારે બઘડાટી બોલાવી દીધી છે. આ ઘટનાક્રમ માત્ર એક વિરોધ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આગામી ચૂંટણીઓ માટે પોતાનું રાજકીય વર્ચસ્વ સ્થાપિત કરવાની એક સુનિયોજિત રણનીતિનો હિસ્સો છે.

વિપક્ષી દળો દ્વારા ચૂંટણી પંચની નિષ્પક્ષતા સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. રાહુલ ગાંધીના નેતૃત્વ અને વિપક્ષી ગઠબંધનના વિરોધ પ્રદર્શનો પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય જનતા સમક્ષ એ સંદેશો આપવાનો છે કે દેશની લોકતાંત્રિક અને સ્વાયત્ત સંસ્થાઓ દબાણ હેઠળ કામ કરી રહી છે. વિપક્ષ આ મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવીને સરકાર વિરોધી માહોલ ઊભો કરવા અને મતદારોની સહાનુભૂતિ મેળવવા માટે ભરપૂર પ્રયાસ કરી રહ્યો છે. કોઈપણ ચૂંટણી જીતવા માટે પક્ષો દ્વારા 'નેરેટિવ' સેટ કરવું અત્યંત આવશ્યક ગણાય છે. વર્તમાન પરિસ્થિતિમાં તમામ પક્ષો પોતાના હિસાબે માહોલ ઘડવામાં વ્યસ્ત છે.

વિપક્ષના એજન્ડા મુજબ બંધારણની રક્ષા, લોકશાહીના મૂલ્યો અને સંસ્થાઓની સ્વાયત્તતા જેવા સંવેદનશીલ મુદ્દાઓને આગળ ધરીને સત્તા વિરોધી લહેર પેદા કરવી. વિપક્ષના આ વિરોધને માત્ર રાજકીય સ્ટંટ અને રાષ્ટ્રીય સંસ્થાઓની છબી ખરાબ કરવાનો પ્રયાસ ગણાવીને પોતાની વિકાસલક્ષી નીતિઓ અને રાષ્ટ્રવાદ પર ધ્યાન કેન્દ્રિત કરવું, આ શાસકની રણનીતિ છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થતા વિડીયો અને વિરોધ પ્રદર્શનો દ્વારા મતદારોને પ્રભાવિત કરવાની આ રમત આગામી ચૂંટણીઓના પરિણામોને સીધી રીતે અસર કરી શકે છે. ત્રિરંગા અને ચૂંટણી પંચ જેવા રાષ્ટ્રીય પ્રતીકો અને સંસ્થાઓને રાજકીય ચર્ચાના કેન્દ્રમાં લાવવાથી જનતામાં ધ્રુવીકરણ વધવાની પૂરી સંભાવના રહે છે. આ રાજકીય બઘડાટી માત્ર સત્તા મેળવવાની લડાઈ છે, જેમાં જનતાને પોતાના પક્ષમાં કરવા માટે દરેક અસ્ત્રનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં આ વિવાદ ચૂંટણીના રણમેદાનમાં કેટલો રંગ લાવશે અને મતદારો કોના પર વિશ્વાસ મૂકશે, તે આવનારો સમય જ નક્કી કરશે.

રાહુલ ગાંધીને લોન્ચ કરવામાં કોંગ્રેસના હવાતિયા : સંબિત

ભાજપે ઇન્ડિયા બ્લોક પર શાબ્દિક પ્રહારો કરી કહ્યું, વિપક્ષ અરાજકતા ફેલાવે છે

નવીદિલ્હી, તા. ૬

ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR)નો વિરોધ કરવા માટે ઇન્ડિયા બ્લોક મંગળવાર, ૬ ઓક્ટોબરના રોજ સંસદ ભવનથી ચૂંટણી પંચના મુખ્યાલય સુધી કૂચ કરી રહ્યું છે. આ દરમિયાન, ભાજપે વિપક્ષી પક્ષો પર આકરા પ્રહારો કર્યા. ભાજપે આરોપ લગાવ્યો કે વિપક્ષ રાહુલ ગાંધીને લોન્ચ કરવા અને ફરીથી લોન્ચ કરવા માટે અરાજકતા ફેલાવવાનો અને બંધારણીય સંસ્થાઓને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ સંબિત પાત્રાએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે વિપક્ષી પક્ષો, ખાસ કરીને કોંગ્રેસ, દેશમાં સત્તા પરિવર્તન અને રાહુલ ગાંધીને સત્તામાં મૂકવા માટે પ્રાયોજિત પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આ હાંસલ કરવા માટે, તેઓ ભારતના લોકશાહી અને બંધારણીય સંસ્થાઓ પર પ્રાયોજિત હુમલાઓ કરી રહ્યા છે.

સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીને સત્તામાં લાવવાનો પ્રયાસ થોડા મહિનાઓ પહેલા શરૂ થયો ન હતો પરંતુ વર્ષોથી ચાલુ છે. તેમણે કહ્યું કે શરૂઆતથી જ કોંગ્રેસ વિવિધ માધ્યમો દ્વારા રાહુલ ગાંધીને લોન્ચ કરવા અને ફરીથી લોન્ચ કરવાનો પ્રયાસ કરી રહી છે. જોકે, અનેક પ્રયાસો છતાં, રાહુલ ગાંધી આ હાંસલ કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે કહ્યું કે આખરે, કોંગ્રેસ અને તેના કેટલાક સાથી પક્ષોએ નિર્ણય લીધો કે ભલે તેમને ભારતીય લોકશાહી પર હુમલો કરવો પડે અને ભારતમાં અરાજકતા ફેલાવવી પડે, તેઓ પાછળ નહીં હટે, પરંતુ કોઈપણ રીતે રાહુલ ગાંધીને લોન્ચ કરવાનો પ્રયાસ કરશે. ભાજપના નેતાએ કહ્યું કે આજે પણ કોંગ્રેસ પાર્ટી ચૂંટણી પંચનો ઉપયોગ કરીને દેશમાં અરાજકતાનું વાતાવરણ બનાવવાનો પ્રયાસ કરશે. તેમણે કહ્યું, ''અમે કહેવાતી રેલી અને કૂચ વિશે સાંભળી રહ્યા છીએ. તેમની રેલી થાય તે પહેલાં, એક રાજકીય પક્ષ તરીકે આપણી જવાબદારી છે કે આપણે દેશના લોકોને સત્ય રજૂ કરીએ અને ચૂંટણી પંચમાં શું ચાલી રહ્યું છે અને સુપ્રીમ કોર્ટમાં સમગ્ર મામલાની માહિતી આપીએ.'' તેમણે કહ્યું કે



છેલ્લા કેટલાક દિવસોથી, સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગે ગેરસમજો અને ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે.

ફોર્મ ૬ પર દાખલ કરાયેલ જાહેર હિત અરજી (PIL) પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પછી રાહુલ ગાંધીની તાજેતરની ટિપ્પણીઓ પર નિશાન સાધતા સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો કે રાહુલ ગાંધી જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલની સુનાવણી પછી, રાહુલ ગાંધીએ ફોર્મ ૬ અંગે એક પોસ્ટ પોસ્ટ કરી. આ ચૂંટણી પંચ પર હુમલો છે, પરંતુ બીજી લાઇનમાં ભાજપનો પણ ઉલ્લેખ છે, તેથી ભાજપ જવાબ આપશે. રાહુલ ગાંધીએ બે મુદ્દાઓ પર જનતાને ગેરમાર્ગે દોર્યા છે.

પ્રથમ મુદ્દાની સ્પષ્ટતા કરતા પાત્રાએ કહ્યું, ''પહેલા, તેમણે દાવો કર્યો હતો કે ફોર્મ ૬ ગેરકાયદેસર છે અને ખાસ કરીને આ સંદર્ભમાં ભાજપનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ કોર્ટે ફોર્મ ૬ ગેરકાયદેસર જાહેર કર્યો નથી. કોર્ટે શોધી કાઢ્યું કે અરજીમાં ફોર્મ ૬ માં ફેરફારોનો ઉલ્લેખ છે, તેથી તેણે કહ્યું કે તે આ બાબતની તપાસ કરશે. અમે આવા કોઈપણ ફેરફારો સાથે સંમત નથી. જો ખરેખર કોઈ ફેરફાર કરવામાં આવ્યા છે, તો તે નોટિસ જારી થયા પછી જ સ્પષ્ટ થશે.'' તેમણે આગળ કહ્યું, ''તે પછી પણ, જ્યારે આપણે વિગતવાર આદેશ વાંચીએ છીએ અને ચૂંટણી પંચની પ્રેસ રિલીઝ જોઈએ છીએ, ત્યારે તે સ્પષ્ટ થાય છે કે કમિશને સ્પષ્ટપણે કહ્યું હતું કે ફોર્મ ૬ માં કોઈ ફેરફાર કરવામાં આવ્યા નથી, અને સુપ્રીમ કોર્ટે સંબંધિત ઘોષણાને સમર્થન આપ્યું છે. તેથી, અહીં કોઈ અસ્પષ્તા નથી.'' જ્યારે રાહુલ ગાંધી દાવો કરે છે કે ફોર્મ ૬ ગેરકાયદેસર હતું અને સુપ્રીમ કોર્ટે આજે આવું કહ્યું છે, ત્યારે તેઓ ખોટું બોલી રહ્યા છે.

ઇન્ડિયા બ્લોક માર્ચમાં જયા બચ્ચને કર્યા શાબ્દિક પ્રહારો

ચૂંટણી પંચ PDAના મતો કાપી રહ્યું છે



નવીદિલ્હી, તા. ૬

મત ચોરી અને મતદાર યાદીના ખાસ સઘન સુધારાના વિરોધમાં આજે, ૬ ઓક્ટોબરે, વિપક્ષી નેતાઓ અને ઇન્ડિયા બ્લોકના સાંસદો સંસદથી નવી દિલ્હીમાં ભારતના ચૂંટણી પંચના મુખ્યાલય સુધી વિરોધ કૂચ કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન, સપા સાંસદ જયા બચ્ચને એક પ્લેકાર્ડ પકડી રાખ્યું હતું જેમાં લખ્યું હતું, ''ચૂંટણી પંચ ભેદભાવ કરી રહ્યું છે અને પીડીએના મતો કાપી રહ્યું છે.'' એક પત્રકાર દ્વારા પૂછવામાં આવતા, જયા બચ્ચને કહ્યું, ''ભાજપનું કામ આરોપો લગાવવાનું છે; જો તેઓ સત્તામાં હશે તો તેઓ આમ કરશે. અમે અમારું કામ કરી રહ્યા છીએ.'' ભાજપે દાવો કર્યો હતો કે જ્ઞાનેશ કુમાર નહીં, ગણેશ મદદ કરે છે.

આ પ્રશ્નના જવાબમાં, જયા બચ્ચને કહ્યું, ''ગણેશ દુષ્ટને મદદ કરતા નથી. મેં તેમને ફક્ત આ કહ્યું: જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ, ત્યારે આપણે પહેલા ગણેશને પ્રાર્થના કરીએ છીએ. હવે અમે તેમની સાથે શરૂઆત કરી છે. ગણેશ આપણને મદદ કરશે અને આપણું રક્ષણ કરશે.'' લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા, ભારત જોડાણના સાંસદો સાથે, ભારતીય ચૂંટણી પંચ તરફ જતા નીતિ આયોગ કાર્યાલય પાસે વિરોધ પ્રદર્શન કર્યું. સમાજવાદી પાર્ટીના સાંસદો પણ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, જે ઇન્ડિયા બ્લોકના સાંસદોના વિરોધનો ભાગ છે. વિરોધ પ્રદર્શન દરમિયાન, તેઓ ભારતીય ચૂંટણી પંચના કાર્યાલય તરફ જતા નીતિ આયોગ કાર્યાલય પાસે દિલ્હી પોલીસના બેરિયર પર ચઢી ગયા હતા. ઇન્ડિયા એલાયન્સના સાંસદોની ચૂંટણી પંચ તરફની વિરોધ કૂચ પહેલાં, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ સંબિત પાત્રાએ કહ્યું, ''સમય સમય પર, ભારતીય સેના, સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, ભારતીય હિન્દુઓ અને ઊટક પર હુમલા થયા છે. છેલ્લા કેટલાક અઠવાડિયા અને મહિનાઓથી ચૂંટણી પંચ પર પણ હુમલા થઈ રહ્યા છે. અમારું માનવું છે કે કોંગ્રેસ અરાજકતાનું વાતાવરણ બનાવવા માટે ચૂંટણી પંચનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશે.'' ઇન્ડિયા બ્લોક આજે ''મત ચોરી'' અને મતદાર યાદી સુધારણાના વિરોધમાં કૂચ કરી રહ્યું છે. કૂચ દરમિયાન, સપા સાંસદ જયા બચ્ચને ECI પર ભેદભાવનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, ''ભગવાન દુષ્ટ વસ્તુઓને પસંદ કરતા નથી.''

ખતરનાક પ્લેગ છે કે બીજું કંઈક?

રશિયામાં મહિલાના મૃત્યુ અંગે અનેક તર્ક-વિતર્ક? શું ભારતીયોએ ડરવું જોઈએ?

નવીદિલ્હી, તા. ૧૦

રશિયાના સાઇબિરીયામાં તાજેતરમાં એક લેબ ટેકનિશિયનના મૃત્યુથી વિશ્વભરમાં ચિંતા ફેલાઈ છે. આ ઘટના રશિયાના ઈર્કુત્સ્ક પ્રદેશમાં બની હતી, જ્યાં એન્ટી-પ્લેગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરતી ૨૮ વર્ષીય લેબ ટેકનિશિયન ડારિયા શિપિલોવાનું મૃત્યુ થયું હતું. તેણીને ગંભીર ન્યુમોનિયા થયો હતો અને ૨ ઓક્ટોબરના રોજ તેનું અવસાન થયું હતું. આનાથી વ્યાપક ચર્ચા શરૂ થઈ હતી કે શું તેણીનું મૃત્યુ પ્લેગથી થયું હતું, ખાસ કરીને ન્યુમોનિયાથી. રશિયાના સાઇબિરીયા પ્રદેશમાં એક રહસ્યમય મૃત્યુએ ફરી એકવાર વિશ્વને એક રોગની યાદ અપાવી છે જે એક સમયે માનવ ઇતિહાસમાં સૌથી ખતરનાક રોગચાળો માનવામાં આવતો હતો. કેટલાક રશિયન મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે લેબમાં કામ કરતી વખતે પ્લેગ પેથોજેન ધરાવતી ટેસ્ટ ટ્યુબ તૂટી ગઈ હતી, જેના કારણે લેબ ટેકનિશિયન વાયરસના સંપર્કમાં આવ્યા હતા. બીજી શક્યતા એ છે કે તેણીએ તાજેતરમાં એવા વિસ્તારમાં મુસાફરી કરી હતી જ્યાં પ્લેગ બેક્ટેરિયા કુદરતી રીતે જંગલી ઉંદરો અને માર્મોટ્સ જેવા પ્રાણીઓમાં જોવા મળે છે.

જોકે, આ દાવાઓની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. રશિયાના આરોગ્ય નિરીક્ષક, રોસ્પોટ્રેબનાડઝોરે હાલમાં મહિલાના મૃત્યુને ''અજ્ઞાત કારણોસર ન્યુમોનિયા'' તરીકે અહેવાલ આપ્યો છે. સંસ્થાનું કહેવું છે કે તપાસમાં મહિલાના કાર્ય સાથે સંકળાયેલા કોઈપણ સૂક્ષ્મજીવની પુષ્ટિ થઈ નથી. સાવચેતી તરીકે, મહિલાના સંપર્કમાં આવેલા આશરે ૨૦૦ લોકોને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે, પરંતુ ઉપલબ્ધ માહિતી અનુસાર, કોઈ પ્લેગ ચેપ મળ્યો



નથી. યુનાઇટેડ સ્ટેટ્સ પણ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જણાવ્યું છે કે જો ન્યુમોનિક પ્લેગની પુષ્ટિ થાય છે, તો તે એક રોગ છે જે વ્યક્તિથી વ્યક્તિમાં ફેલાઈ શકે છે, તેથી દેખરેખ જરૂરી છે, પરંતુ આ સમયે ગભરાવાનું કોઈ કારણ નથી. હાલમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું આ ખરેખર પ્લેગ છે, અથવા કોઈ અન્ય કારણોસર મૃત્યુ વિશે અફવાઓ ઝડપથી ફેલાઈ રહી છે? હવે પ્રશ્ન એ પણ ઊભો થાય છે: શું ભારતીયોએ ગભરાઈ જવું જોઈએ? રશિયન આરોગ્ય અધિકારીઓના મતે, મૃત્યુનું કારણ અજાણ્યા કારણોસર ન્યુમોનિયા હતું. હજુ સુધી સાબિત થયું નથી કે મહિલા પ્લેગથી સંક્રમિત હતી.

કેટલાક અહેવાલો સૂચવે છે કે લેબમાં પ્લેગ બેક્ટેરિયા ધરાવતી ટેસ્ટ ટ્યુબ તૂટી ગઈ હતી. જો કે, અધિકારીઓએ આ ઘટનાની પુષ્ટિ કરી નથી, અને તેથી, આ સમયે તેને વાસ્તવિક ગણી શકાય નહીં. મહિલાના સંપર્કમાં આવેલા લોકોને સાવચેતી તરીકે તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. પ્રારંભિક તપાસમાં પ્લેગના કોઈ લક્ષણો કે તેના માટે સકારાત્મક પરીક્ષણોની પુષ્ટિ થઈ નથી. કેરળ ઈંખઅ ના સંશોધન સેલના સંયોજક ડો. રાજીવ જયદેવને જણાવ્યું હતું કે રશિયામાં શંકાસ્પદ ન્યુમોનિક પ્લેગ ફાટી નીકળવાથી ભારતને તાત્કાલિક કોઈ ખતરો નથી. તેમના મતે, રશિયામાં મહિલાના મૃત્યુનું કારણ હજુ સુધી સંપૂર્ણપણે સ્પષ્ટ નથી, અને પ્લેગની પુષ્ટિ થઈ નથી. આરોગ્ય અધિકારીઓ સંપર્કમાં આવેલા લોકોની ઓળખ અને દેખરેખ રાખી રહ્યા છે. તેમણે સમજાવ્યું કે પ્લેગની સારવાર કરી શકાય છે અને અટકાવી શકાય છે, અને નજીકના સંપર્કોને ડોક્ટરની સલાહ પર એન્ટિબાયોટિક્સ આપી શકાય છે. ડો. જયદેવને લોકોને ગભરાવાને બદલે પરિસ્થિતિ પર નજર રાખવા વિનંતી કરી.

એક રાષ્ટ્ર, એક ચૂંટણી પર JPC-સુપ્રીમના જજોની બેઠક રદ



કારણ અકબંધ : જેપીસીના અધ્યક્ષ પીપી ચૌધરીના જણાવ્યા અનુસાર, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની બેઠક ૬ ઓક્ટોબરે યોજાવાની હતી, પરંતુ બાદમાં તેને રદ કરવામાં આવી હતી

નવીદિલ્હી, તા. ૬

એક રાષ્ટ્ર, એક ચૂંટણી (ઘગઘઊ) પર ઉંઝઈ ના અધ્યક્ષ પીપી ચૌધરીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે શરૂઆતમાં ઉંઝઈ સભ્યો સાથે બેઠક માટે સંમતિ આપી હતી, પરંતુ બાદમાં તેને રદ કરી દીધી હતી. પીપી ચૌધરીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે શરૂઆતમાં સમિતિની વિનંતી પર ન્યાયાધીશો સાથે અનૌપચારિક બેઠકનું આયોજન કર્યું હતું, પરંતુ બાદમાં તેને રદ કરી દીધી હતી, એમ કહીને કે તે યોગ્ય રહેશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં વિરોધ પક્ષના ઉખઊં સાંસદ પી. વિલ્સન દ્વારા બેઠકનું સૂચન કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, ભવિષ્યમાં પ્રસ્તાવિત બંધારણીય સુધારા સુપ્રીમ કોર્ટ દ્વારા ન્યાયિક સમીક્ષાને આધિન હોવાની શક્યતાને કારણે બાદમાં તેને રદ કરવામાં આવ્યો હતો. ૬ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો સાથે બેઠક યોજવાના નિર્ણયનો બચાવ કરતા, પીપી ચૌધરીએ જણાવ્યું હતું કે ૧૯૫૦ના દાયકામાં પણ સંસદીય સમિતિઓ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો સાથે વાતચીત કરે છે. પીપી ચૌધરીએ જણાવ્યું હતું કે ૨૨ સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટના અધિકારીઓએ સંસદ સચિવાલયને એક ઈમેઇલ મોકલીને જાણ કરી હતી કે ૬ ઓક્ટોબરે સાંજે ૪:૩૦ વાગ્યે સુપ્રીમ કોર્ટમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. કાયદા મંત્રાલયે સુપ્રીમ કોર્ટને સંબંધિત સામગ્રી પણ મોકલી હતી. તેમણે કહ્યું કે ૮-૯ દિવસ પછી, કેટલાક મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, જેના પગલે સુપ્રીમ કોર્ટે બેઠક રદ કરી હતી, અને અમે પણ તેને રદ કરી હતી અને સભ્યોને જાણ કરી હતી. ચૌધરીએ કહ્યું કે જો સુપ્રીમ કોર્ટને તે અયોગ્ય લાગ્યું હોય, તો આ મામલાને આગળ વધારવાની કોઈ જરૂર નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૮ સપ્ટેમ્બરના રોજ, લોકસભા સચિવાલયે સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલને પત્ર લખીને સુપ્રીમ કોર્ટની ''સ્થાનિક અભ્યાસ મુલાકાત'' લેવાની સમિતિની ઇચ્છા વ્યક્ત કરી હતી, જેનો ઉદ્દેશ્ય ભારતના મુખ્ય ન્યાયાધીશ (ઈઉંઈ) અને અન્ય ન્યાયાધીશો સાથે એકસાથે ચૂંટણીના મુદ્દા પર અનૌપચારિક ચર્ચા કરવાનો હતો. લોકસભાના સ્પીકરે આ માટે મંજૂરી મેળવી હતી. ૨૨ સપ્ટેમ્બરના રોજ, ઈઉંઈ ના રજિસ્ટ્રાર-કમ-ઙ્ઝજ એ સમિતિને જાણ કરી કે ઈઉંઈ અને અન્ય ન્યાયાધીશો સાથે ૬ ઓક્ટોબરના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે અનૌપચારિક ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. બીજા દિવસે, લોકસભા સચિવાલયે મુલાકાતની પુષ્ટિ કરી, અને લગભગ ૩૫ સભ્યો અને છ અધિકારીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.

૨૮ સપ્ટેમ્બરના રોજ, કાયદા વિભાગે સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલને અભ્યાસ પ્રવાસ સંબંધિત સંબંધિત પત્ર અને દસ્તાવેજો મોકલ્યા. ત્યારબાદ, ૧ ઓક્ટોબરના રોજ, સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલના કાર્યાલયે લોકસભા સચિવાલયને જાણ કરી કે વરિષ્ઠ ન્યાયાધીશો વચ્ચે આ પ્રસ્તાવ પર ચર્ચા થઈ છે, અને એવું નક્કી કરવામાં આવ્યું છે કે ભવિષ્યમાં આ સુધારો સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક સમીક્ષાને પાત્ર બની શકે છે. તેથી, વહીવટી સ્તરે આ મુદ્દા પર ચર્ચા કરવી યોગ્ય કે ઇચ્છનીય રહેશે નહીં. આ પછી, પ્રસ્તાવિત બેઠક રદ કરવામાં આવી. 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પર જેપીસીના સભ્યો સાથે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની બેઠક ૬ ઓક્ટોબરના રોજ યોજાવાની હતી, પરંતુ તે પછીથી રદ કરવામાં આવી હતી, જેમ કે જેપીસીના અધ્યક્ષ પીપી ચૌધરીએ અહેવાલ આપ્યો છે.

મામાના દાગીના સાથે ફોટા પાડી પછી કહ્યું-મામા મારેય તમારા ચેઇન-વીંટી પહેરીને ફોટા પાડવા છેઃ મામાએ દાગીના દીધા ને ખેલ પડી ગયો

ભાણેજે લાખોના દાગીના ગપચાવ્યા

રૈયા ચોકડીએ ઢોસા કાફે પાસે વિજયપ્લોટના મ્યુઝિક સિસ્ટમના ધંધાર્થી સાથે ભાણેજ ફ્રોડ કરી ગયોઃ મામાને પારેવડી ચોકમાં પાનમસાલા લેવા મોકલી દાગીના સાથે ગાયબ થઇ ગયો

રાજકોટ, તા.૬

કોણ કોને કેવી રીતે છેતરી જાય તે નક્કીજ નથી. બહારના કે અજાણ્યા તો ઠીક ઘરના પણ વારેઘડીએ ઘા કરી જતાં હોવાના કિસ્સા સામે આવતા રહે છે. આવી જ એક ઠગાઇ રાજકોટમાં થઇ છે. જેમાં શહેરના વિજય પ્લોટમાં રહેતાં મ્યુઝિક સિસ્ટીમના ધંધાર્થી યુવાનને તેનો જ માસીયાઇ ભાણેજ છેતરીને સાડા તેર લાખના સોનાના દાગીના લઇ ભાગી ગયો હતો. આ શખ્સ પોતાના મામાને જ મામા બનાવી ગયો હતો. મામાએ પહેરેલા સોનાના ચેઇન-વીંટી પોતાને પહેરીને મોબાઇલથી ફોટા પાડવા છે તેવુ કહી મામા પાસેથી દાગીના લઇ પોતે પહેરી લઇ ફોટા પાડ્યા હતા. પછી મામાને વાતોએ વળગાડી બહાના કરી રૈયા ચોકડીએથી પારેવડી ચોક સુધી લઇ ગયો હતો . બાદમાં મામાને ભાણાએ પોતાના માટે પાન મસાલા લેવા દુકાને મોકલ્યા હતાં અને પોતે ત્યાંથી દાગીના સાથે ગાયબ થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટના વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા અને મ્યુઝિક સિસ્ટમનો વ્યવસાય કરતા યુવકને તેના જ ભાણેજે ફોટા પાડવાના બહાને બોલાવી તેર લાખ પચાસ હજારની કિંમતના સોનાના દાગીના પડાવી લઈ ફરાર થઈ જતાં પોલીસ ચોપડે ગુનો દાખલ થતાં તપાસ શરૂ થઇ છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે વિજયપ્લોટ-૬માં રહેતાં અને મ્યુઝિક સિસ્ટમનો ધંધો કરતાં જયેશભાઇ અશોકભાઇ ચૌહાણ નામના ઓગણત્રીસ વર્ષના રાવળદેવ યુવાનની ફરિયાદ પરથી તેના માસીયાઇ ભાણેજ નીતીન ઉર્ફે રાજ લાલજીભાઇ ડાભી વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવી હતી. વધુ માહિતી અનુસાર જયેશભાઇ પરિવારમાં માતા-પિતા, પત્નિ અને દિકરી સાથે રહે છે. ફરિયાદમાં જણાવાયુ છે કે ગત તારીખ પહેલી મેના રોજ રાત્રીના આશરે નવેક વાગ્યે નીતીને મામા જયેશભાઈને ફોન કરીને ભુતખાના ચોક પાસે આવી જા, તારું કામ છે તેમ કહેતાં જયેશભાઇ પોતાનું મોટર સાઇકલ નં. જીજે૦૩બીએસ-૦૧૫૦ લઈને ત્યાં પહોંચ્યા હતા.



જયેશભાઇએ તે વખતે ગળામાં ૮ તોલાનો સોનાનો ચેન અને હાથમાં ૧.૫ તોલાની સોનાની વીંટી પહેરેલી હતી. નીતીને તેમને બહાર જમવા જવા માટે કહ્યું હતું, પરંતુ જયેશભાઈએ ઘરે જમવાનું હોવાથી નીતીનને કોર્પોરેશન ચોક પાસે ઉતારી દીધો હતો. જો કે નીતીને પોતાની પત્નિને જમવાનું હોઇ રૈયા ચોકડીએથી ઢોસાનું પાર્સલ લેવુ છે તેમ કહેતાં મામા જયેશભાઈઘરે જમીને ફરી કોર્પોરેશન ચોક પહોંચ્યા હતા. આ પછી બંને જણા રૈયા ચોકડી નજીક આવેલા મદ્રાસ કેફે નામના ઢોસાના પાર્સલ પોઈન્ટ પર પહોંચ્યા હતા. ઢોસા ઓર્ડર કર્યા બાદ, નીતીને મામા જયેશભાઈને કહ્યું કે-લાવો હું તમારા સારા ફોટા પાડી દઉં. તેમ કહી ફોટા પાડ્યા હતાં.

પછી નીતીને કહેલું કે તમારા ચેઇન વીંટી મને આપો તો મારે એ પહેરીને ફોટા પાડવા છે, કેવા ફોટા આવે છે એ જોવુ છે તેમ કહેતાં જયેશભાઇએ ચેઇન-વીંટી તેને આપી દીધા હતાં. આ પછી જયેશભાઈએ દાગીના પાછા માગતા તેણે ઘરે જઈને પાર્સલ સાથે આપી દઈશ તેમ કહી દાગીના પોતાની પાસે જ રાખ્યા હતા. ત્યારબાદ બંને જણા નીતીનના નાના ભાઈના ઘરે ગયા હતા, જ્યાં નીતીને પોતાના કપડાં બદલી નાખ્યા હતા. પછી તેઓ જામનગર રોડ થઈ હોસ્પિટલ ચોકના બ્રીજ પર થઇ પારેવડી ચોકે પહોંચ્યા હતાં. જયશેભાઇએ આમ તું ક્યાં લઇ જાય છે પુછતાં નીતીને વાહન ઉભુ રાખી પોતાના માટે દૂકાનમાંથી પાન મસાલા લઇ આવવાનું કહેતાં મામા જયેશભાઇ ઉતરીને પાન મસાલા લેવા ગયા હતા.

એટલીવારમાં તકનો લાભ લઇ ભાણેજ નીતીન દાગીના અને બાઇક લઇને ત્યાંથી રફૂચક્કર થઈ ગયો હતો. જયેશભાઈએ નીતીનનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો. ત્યારબાદ સગા-સંબંધીઓ અને મિત્રો મારફતે પણ તપાસ કરવા છતાં કોઈ પત્તો ન લાગતાં આખરે જયેશભાઈએ યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. ભાણેજ નીતીન જે દાગીના લઇ ગયો તેમાં ૮ તોલા ચેનની કિંમત ૧૨ લાખન અને ૧.૫ તોલા વીંટીની કિંમત ૧૧ લાખ છે. કુલ ૧૩.૫૦ લાખના દાગીના નીતીન પોતાના મામાને મામા બનાવીને લઇને ભાગી ગયો હતો. યુનિવર્સિટી પોલીસના ઇન્સપેકટર કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ ફરિયાદ દાખલ કરી આરોપીને હસ્તગત કરવા તજવીજ હાથ ધરી હતી.

રૂપિયા મામલે યુવાનને ત્રણ શખ્સોએ ધોકાવી ધમકી દીધી

રૂપિયા નહિ આપ તો મજા નહિ આવે કહી હુમલોઃ પોલીસમાં ફરિયાદ

રાજકોટ તા. ૬

માથાકુટની વધુ એક ઘટનામાં કોઠારીયા સ્વાતીપાર્ક મેઇન રોડ પર ક્રિષ્ના પેટ્રોલ પંપ પાસે ધાર્મીક લખમણભાઇ ટમાલીયા નામના યુવાનને વાહનોમાં ઘસી આવેલા જીવણ ઉર્ફે નયન ધાંધલ (રહે. વેલનાથપરા), મુનો ધાંધલ, મયુર ધાંધલ (રહે. બન્ને ગીતાનગર) અને ભરત જોગરાણા (રહે. મોરબી રોડ) એ 'મારા ટાયરના રૂપીયા આપ નહી તો મજા નહી આવે' કહી ગાળો દઇ ઢીકા પાટુનો મારમારી લાકડી વડે માર માર્યો હતો.

આજીડેમ પોલીસ સ્ટેશનમાં આ મામલે શિવધારા પાર્ક સોસાયટીમાં રહેતાં અને ડ્રાઇવીંગ કરતાં વિક્રમભાઇ વશરામભાઇ ટમાળીયા નામના પચ્ચીસ વર્ષના યુવાનએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યુ કે, ગઇકાલે તે તેના કાકાના દિકરા ધાર્મિક સાથે બોલેરો પીકઅપ લઇ સ્વાતી પાર્ક રોડ પર હોટલે ચા-પાણી પીવા ગયા હતાં. ત્યાંથી ચા પી ક્રિષ્ના પેટ્રોલ પંપ પાસે પાર્ક કરેલી તેની બોલેરો પીકઅપ પાસે આવતાં ચારેય આરોપીઓ જીવણ, મયુર, મુન્નો અને ભરત હાથમાં લાકડી સાથે ત્યાં ઘસી આવ્યા હતાં.

ત્યારબાદ જીવણે ધાર્મિકનો હવે મારા ટાયરના રૂપિયા આપ નહી તો મજા નહી આવે કહી ગાળો આપતા તેને ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા જીવણે લાકડી મારવા જતા ધાર્મિક નીચે બેસી ગયો હતો. જેના કારણે લાકડી તેને માથામાં લાગતા ઇજા થઇ હતી. જયારે બીજી તરફ અન્ય ત્રણેય શખ્સો ધાર્મિકને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતાં. આ હુમલામાં તેને માથામાં ઇજા થતા સિવીલમાં ખસેડાયો હતો. જયાં તેને માથામાં છ ટાંકા આવ્યા હતાં. આજી ડેમ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ગાડીના ફેરા બાબતે પાઇપથી હુમલો

ઓફિસમાં ઝઘડો કરી કોને પુછી ગાડી ફેરો ભરવા મોકલી કહી માથાકુટ કરાઇ

રાજકોટ તા. ૬

મવડીમાં ખીજડાવાળા રોડ પર વિશ્વનગર શેરી નં. ૧૧માં રહેતા ટ્રાન્સપોર્ટર અમિતભાઇ કમલેશભાઇ જાવીયા નામના ત્રીસ વર્ષના યુવાનને કુવાડવા રોડ નજીક તરઘડીયા રોડ પર એસ્ટન થ્રીપીએલ કંપનીના મેનેજરની ઓફિસમાં હતા ત્યારે ગાડીનો ફેરો ભરવા બાબતે સાહિલ દલવાણીએ ઝઘડો કરી ગાળો દઇ પાઇપ વડે પગમાં ઇજા કર્યાની કુવાડવા રોડ પોલીસમાં ફરીયાદ દાખલ કરાવાઇ છે.

આ બનાવમાં અમિતભાઇએ ફરીયાદમાં જણાવ્યું કે તે જય અલખધણી રોડ લાઇટ નામે ટ્રાન્સપોર્ટનું કામ કરે છે. તેની પાસે બે ગાડી અને એક રિક્ષા છે જે ત્રણેય એસ્ટન થ્રી પીએલ કંપનીમાં ચાલે છે. ગઇકાલે બપોરે તે કંપનીએ હતા ત્યારે ડેપો મેનેજર અંકિતભાઇએ અમરેલીનો ફેરો છે તો ગાડી મોકલાવો કહેતા તેણે પોતાની બોલેરો પીકઅપ બેટરીઓ ભરવા મોકલી હતી. બપોરે તે ડેપો મેનેજરની ઓફિસમાં હતા ત્યારે તેના હરીન ધંધાર્થી સાહિલ દલવાણીએ તેની પાસે જઇ! કોને પુછીને ગાડી ફેરો ભરવા માટે મોકલી? કહી ને ગાળો દઇ પાઇપ વડે હુમલો કરી ઇજા કરી હતી.(૩.૧૬)

યુવાન હોસ્પિટલના એટીએમમાં પૈસા જમા કરી સાળા સાથે ઘરે જતો હતો ત્યારે રસ્તામાં હુમલો

ટોળકી રચી બબ્બે હુમલા કર્યા

દાણાપીઠમાં દૂધની ડેરી પાસે રહેતાં યુવાનને ઘુસ્તા પાટા મારી છરીથી ઘાયલ કર્યો, એ દવાખાને ગયો પછી તેના પિત્રાઇ અને મિત્ર પર કેસરી પૂલ પાસે બીજો હુમલો કર્યોઃ એ-ડિવીઝન પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ તા. ૬

માથાભારેની છાપ ધરાવતાં ભીસ્તીવાડના શખ્સોએ વધુ એક વખત તોફાન આચરી ત્રણ યુવાન પર હુમલો કર્યો હતો. દાણાપીઠમાં દૂધની ડેરી પાસે રહેતો યુવાન ટુવ્હીલરમાં પોતાના સાળાને બેસાડીને જતો હતો ત્યારે આગળ ટુવ્હીલરમાં યુવક-યુવતિ હોઇ સાઇડ કાપવા હોર્ન વગાડતાં આગળના વાહનવાળાએ તેનું વાહન ઉભુ રાખી કેમ હોર્ન વગાડે છે? તું મને ઓળખે છે હું ભીસ્તીવાડના હકુભાનો જમાઇ નિઝામ છું તેમ કહી ગાળો દીધા બાદ તેની સાથેની યુવતિએ ફોન કરી હકુભાના દિકરાઓ સહિતને બોલાવી લેતાં ઢીકાપાટુ અને છરીથી હુમલો કરી ઇજા પહોંચાડાઇ હતી. આ યુવાન સારવાર માટે દાખલ થયા બાદ આ બધાએ તેના મામાના દિકરા અને તેના મિત્રને પણ કેસરી પૂલ પાસે મારકુટ કરી છરીથી અને પાઇપથી ઘા ઝીંકી લોહીલુહાણ કર્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે દૂધ સાગર રોડ હૈદરી ચોક શાળા નં. ૬૬ પાસે લાખાજીરાજ સોસાયટી-૪માં રહેતાં અને ભાવનગર રોડ શક્તિ હોટેલવાળી શેરીમાં ભંગાર બજારમાં છૂટક મજૂરી કામ કરતાં શબ્બીર વહાબભાઇ મીરઝા નામના છવ્વીસ વર્ષની યુવાનની ફરિયાદ પરથી નીઝામ ગોરી, અજાણી સ્ત્રી, અબ્દુલ, માજીદ ભાણુ, એઝાઝ અને અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કર્યો હતો. શબ્બીરે ફરિયાદમાં જણાવ્યું



છે કે હું પરિવાર સાથે રહુ છું અને ભંગાર બજારમાં મજૂરી કરુ છું.

તેણે વધુમાં જણાવ્યુ.હતું કે સાંજે સાડા સાતેક વાગ્યે સિવિલ હોસ્પિટલ ચોકી પાસે એસબીઆઇ બેંકના એટીએમમાં હું પૈસા જમા કરાવવા આવ્યો હતો. મારી સાથે મારો સાળો આફતાબ ઇસ્માઇલભાઇ મિરઝા પણ હતો. અમે એક્ટીવા જીજે૦૩એમએસ-૦૦૪૭ લઇને બાદમાં રામનાથપરા તરફ જવા નીકળ્યા હતાં. હું એક્ટીવા ચલાવતો હતો. અમે દાણાપીઠ થઇને આગળ વધ્યા ત્યારે ત્યાં ત્રિકોણ પડે છે એ જગ્યાએ એક એક્સેસ જતું હોઇ સાઇડ કાપવા મેં હોર્ન વગાડ્યું હતું. આથી તેના ચાલકે આગળ તેનું એક્સેસ ઉભુ રાખી મને-કેમ હોર્ન મારે છે? કહેતાં મેં કહેલું કે તમે વચ્ચે ચાલો છો એટલે હોર્ન વગાડ્યું છે.

આ સાંભળી તેણે 'તું મને ઓળખે છે? હું ભીસ્તીવાડના હકુભાનો જમાઇ નિઝામ ગોરી છું' તેમ કહી મને જેમફાવે તેમ ગાળો દીધી હતી. તેના એક્સેસ પાછળ એક છોકરી બેઠી હતી. તેણીએ નીચે ઉતરી મને-તું થોડીવાર ઉભો રહે તેમ કહી ફોન કરી ચારેક જણાને બોલાવી લીધા હતાં. આ પછી આ બધાએ ભેગા થઇ મને માર માર્યો હતો. આ શખ્સોમાં હકુભાના બે દિકરા અબ્દુલભા અને એક અન્ય હતો. આ લોકોએ મને આડેધડ ઢીકાપાટા મારતાં હું નીચે પડી ગયો હતો. એ દરમિયાન કોઇએ મને વાંસામાં તથા માથાના ભાગે છરીના ઉંધા ઘા મારી દીધા હતાં. આ વખતે મારા કાકાનો દિકરો સમીર હુશેનભાઇ મિરઝા આવી જતાં તેણે તથા મારા સાળાએ વચ્ચે પડી મને વધુ મારથી બચાવ્યો હતો.

આ વખતે આ લોકો ત્યાંથી જતાં રહ્યા હતાં. બાદ મારા કાકાનો દિકરો સમીર મને સિવિલ હોસ્પિટલે લાવ્યો હતો. આ પછી મારા કાકાના દિકરા સમીરે મને વાત કરી હતી કે તારા માનો દિકરો ત્રેવીસ વર્ષનો ફૈઝલ ફરોઝભાઇ બેલીમ (મોસ્લી લઇાન કેસરી પૂલ પાસે) અને તારો ભાઇબંધ આફતાબ બંને કેસરી પૂલ નજીક રઝવી પાન પાસે હતાં ત્યારે નિઝામ ગોરી, હકુભાના બે દિકરા અબ્દુલભા, એઝાઝ અને માજીદ ભાણુએ આવી તારા વિશે પુછીને ઢીકાપાટુ માર્યા છે. જેમાં આફતાબને હાથના અંગુઠામાં અને ફૈઝલને કપાળે તથા હાથ, પગમાં ઇજાઓ થઇ હતી. આ લોકોમાંથી કોઇએ પાઇપથી પણ આ બંનેને માર માર્યો છે. આ પછી ફૈઝલ બેલીમ પણ સારવાર માટે દાખલ થયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન ઇન્સપેકટર જે. વી. વાઢીયાના માર્ગદર્શનમાં હેડકોન્સ. પી. જી. ઝાલાએ ગુનો દાખલ કર્યો હતો.

પારકા અજાણ્યા તો ઠીક હવે તો ઓળખીતા પણ આપી જાય છે લાખોના ડામ :કામ શીખવા આવેલો ભત્રીજો કાકાનું કામ ઉતારી ગયો!

સપના દેખાડી ભત્રીજાએ ૧૮.૬૨ લાખ ઉસડ્યા

સરધાર રહેતાં વશરામે રાજકોટ મવડીમાં રહેતાં કુટુંબી કાકા સાગરભાઇ સાથે ઠગાઇ આચરીઃ છેલ્લે તો એવુ કહી દીધું કે રૂપિયા ભુલી જાજો, ને માંગશો તો જીવવા નહિ દઉંઃ આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૬

છેતરપીંડીના સતત વધી રહેલા બનાવો વચ્ચે લોકો સતત છેતરાઇ રહ્યા છે. કોઇ ઓનલાઇન તો કોઇ ઓફલાઇન ફ્રોડનો ભોગ બને છે, કોઇને અજાણ્યા છેતરી જાય છે તો કોઇને જાણીતા કે પરીચીતો કે પછી સગા વ્હાલા ડામ દઇ જાય છે. આવી જ વધુ એક ઠગાઇમાં રાજકોટમાં કોઠારીયા ગામે હેરીટેઝ સોસાયટીમાં મકાન ધરાવતાં અને હાલ મવડી મેઘાણી પરિવારના મઢ પાસે મધુવન સોસાયટી-૨માં રહેતાં ત્રીસ વર્ષીય ગેરેજ સંચાલક યુવાન સાથે તેના જ કુટુંબી ભત્રીજાએ મોટી ઠગાઇ આચરી હતી. સરધારથી આ ભત્રીજો રાજકોટ કાકા સાથે ગેરેજનું કામ શીખવા આવ્યો હતો. પણ પછી તેણે આ કામ છોડી કાકાને સોલારના બિઝનેસમાં રોકાણ પર મોટા નફાના સોણલા દેખાડી અઢાર લાખ બાંસઠ હજાર મેળવી લઇ આ રકમ શેર બજારમાં ઉડાવી દીધી હતી. કાકાએ રકમ પાછી માંગતા તેને મારી નાંખવાની ધમકી આપી હતી.

વિગતો જોઇએ તો ઠગાઇના આ બનાવમાં આજીડેમ પોલીસે હાલ મવડીમાં રહેતાં સાગરભાઇ જેન્તીભાઇ રાદડીયાની ફરિયાદ પરથી સરધાર મુકામે રહેતા ફઇના દિકરાના દિકરા એવા ભત્રીજા વશરામ શૈલેષભાઇ પાધરા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવી હતી. સોલાર પેનલના બિઝનેસમાં રોકાણ કરાવવાના બહાને રૂ. ૧૮,૬૨,૩૦૦ મેળવી આ રકમ શેર બજારમાં ઉડાવી દઇ માથે જતાં જીવતો નહિ રહેવા દઉ તેવી ધમકી આપતાં પોલીસે ગુનો દાખલ કર્યો છે.

આ બનાવમાં આજીડેમ પોલીસે સાગરભાઇ રાદડીયાની ફરિયાદને આધારે ગુનો નોંધી આરોપી વશરામ પાધરાની શોધખોળ હાથ ધરી છે. ફરિયાદની વિગત અનુસાર મવડી વિસ્તારમાં આવેલ પટેલ ગેરેજ ચલાવતા સાગરભાઇ રાદડીયા મુળ કોઠારીયાના વતની છે. વર્ષ ૨૦૨૩માં તેમના ફઇ રંભાબેનના દિકરાનો દિકરો વશરામ શૈલેષભાઇ પાધરા સરધારથી તેમની પાસે ગેરેજનું કામકાજ શીખવા આવ્યો હતો. પણ ગેરેજનું કામ



ન ફાવતાં વશરામે અન્ય એક વ્યક્તિ અંકુરભાઇ વકેરીયા સાથે ભાગીદારીમાં પી.જી.વી.સી.એલ. ના બિલો ભરવા તથા ક્રેડિટ કાર્ડનું કામકાજ શરૂ કર્યું હતું.

ત્યારબાદ વશરામે કાકા સાગરભાઇને સોલાર પેનલનો ધંધો શરૂ કરવાની વાત કરી હતી અને તેમાં રોકાણ કરવાથી મોટો નફો થશે તેવી લાલચ આપી હતી. આથી સાગરભાઇએ ભત્રીજા વશરામના વિશ્વાસ પર આવીને તા. ૧૮/૦૪/૨૦૨૩ થી તા. ૦૩/૦૨/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન રોકડેથી તથા બેંક ટ્રાન્સફર મારફતે કુલ રૂ. ૨૬,૦૯,૯૬૦ સોલારના ધંધા અર્થે આપ્યા હતા. સામે પક્ષે, વશરામે તા. ૧૯/૧૨૨૦૨૩ થી તા. ૦૪/૦૨/૨૦૨૬ દરમિયાન બેંક ખાતા દ્વારા તથા રોકડા મળીને કુલ રૂ. ૭,૪૭,૬૬૦ પરત આપ્યા હતા.

આ પછી હિસાબ મેળવતાં વશરામ પાસે કાકા સાગરભાઇના બાકી નીકળતા રૂ. ૧૮,૬૨,૩૦૦ લેવાના નીકળતા હતા.પણ ઉઘરાણી કરવા છતાં ભત્રીજો વશરામ નાણા આપતો નહોતો. છેલ્લે ઓગસ્ટ-૨૦૨૫માં જ્યારે સાગરભાઇએ પોતાના રોકાણના પૈસા પરત માગ્યા ત્યારે વશરામે એવું બહાનું બતાવ્યું હતું કે તેણે અંકુરભાઇ સાથે ધંધો અલગ કરી લીધો છે અને પૈસા અંકુરભાઇ પાસે છે. પરંતુ સાગરભાઇએ અંકુરભાઇનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે વશરામે બારોબાર શેરબજારનું કામકાજ શરૂ કર્યું હતું અને મનાઇ કરવા છતાં શેરબજાર ચાલુ રાખતાં અંકુરભાઇએ તેને નવેમ્બર-૨૦૨૪ માં નોકરીમાંથી છૂટો કરી દીધો હતો.સાગરભાઇ અને તેમના પરિવારે વશરામ પાસે ઉઘરાણી ચાલુ રાખી હતી.

ત્યારે તેણે જણાવ્યું કે રણુજા હોલ પાસે આવેલા મકાનની લોન પૂરી કરી બીજી લોન લેવી છે અથવા મકાન વેચીને તમામ પૈસા ચૂકવી દેશે. પરંતુ લાંબો સમય વિતવા છતાં એક પણ રૂપિયો પરત આપ્યો નહોતો. આ દરમિયાન આજથી એક મહિના પહેલા વશરામ સાગરભાઇના ગેરેજે આવ્યો હતો અને ખુલ્લેઆમ ધમકી આપી હતી કે હવે રૂપિયા ભૂલી જાજો હવે મારી પાસે રૂપિયા માંગ્યા છે તો જીવતો નહીં રહેવા દઉં. અંતે સાગરભાઇએ પોતાના ફઇના દિકરાના દિકરા વશરામ વિરૂધ્ધ ૧૮.૬૨ લાખની ઠગાઇની ફરિયાદ નોંધાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ બી. એસ. ચૌહાણે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

વાહન અકસ્માતની બે ઘટનામાં ત્રણ જીવ ગયાઃ પરિવારોના માળા થયા વેરણછેરણ

રિક્ષાની ઠોકરે બે મિત્રોની જિંદગી ખતમ

મજૂરી શોધવા નીકળ્યા અને હોન્ડા સહિત ઠોકરે ચડ્યાઃ બીજી ઘટનામાં પતિ સાથે પાલણપીરના મેળામાં જઇ રહેલા મહિલાનું બાઇકમાં સાડી ફસાતાં પટકાઇ જવાથી મૃત્યુ

રાજકોટ, તા. ૬

વાહન અકસ્માતની વધી ગયેલી ઘટનાઓ વચ્ચે વધુ ત્રણ લોકોનો બે અકસ્માતમાં મૃત્યુ થયા હતાં. જેમાં કેશોદના રંગપર નજીક રિક્ષાએ મોટરસાઇકલને ઉલાળી દેતાં મજૂરી કામ માટે નીકળેલા કાલવાણી ગામના બે મિત્રોનો જીવ ગયો હતો. બંનેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બીજી ઘટનામાં થાનથી દંપતિ બે બાળકો સાથે ટંકારાના હડમતીયામાં પાલણપીરના મેળામાં જઇ રહ્યું હતું ત્યારે પત્નિની સાડી મોટરસાઇકલના વ્હીલમાં આવી જતાં પાછળથી પડી જતાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો કેશોદના રંગપર ગામ નજીક હોન્ડા અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા હોન્ડાસવાર કાલવાણી ગામના બે મિત્રોના ગંભીર ઇજા થવાથી મોત થયા છે. બંનેને પ્રથમ કેશોદ હોસ્પિટલમાં, ત્યાંથી જુનાગઢ અને બાદમાં રાજકોટ ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન બંનેએ વારાફરતી દમ તોડી દેતાં દેવીપૂજક પરિવારોમાં ગમગીની વ્યાપી ગઇ છે. મજૂરી કામની શોધમાં અને કામ બાબતે વાત કરવા માટે બંને નીકળ્યા હતાં ત્યારે આ બનાવ બન્યાનું સગાએ કહ્યું હતું. કેશોદના કાલવાણી ગામમાં રહેતાં ત્રીસ વર્ષના ભરતભાઇ ગોરધનભાઇ પરમાર નામના યુવાન સાંજે ચારેક વાગ્યે પોતાના મોટર સાઇકલમાં ચાલીસ વર્ષના મિત્ર કાલવાણીમાં જ રહેતાં વિનુભાઇ સવજીભાઇ વાઘેલાને બેસાડીને નજીકના રંગપર ગામ પાસે મજૂરી કામ માટે વાત કરવા, કામ શોધવા જવા નીકળ્યા હતો.

બંને મિત્રો રંગપર નજીક પહોંચ્યા ત્યારે રિક્ષાની ઠોકરે હોન્ડા ચડી જતાં બંને રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. કોઇ પરિચીતે



જાણ કરતાં બંનેના કાલવાણી ગામે રહેતાં પરિવારજનોને જાણ કરાઇ હતી. સારવાર માટે કેશોદ હોસ્પિટલમાં અને ત્યાંથી જુનાગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ રાતે ભરતભાઇનું મૃત્યુ થયું હતું. આ પછી સવારે તેના મિત્ર વિનુભાઇએ પણ દમ તોડી દીધો હતો.

રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કેશોદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર ભરતભાઇ ચાર ભાઇ અને છ બહેનમાં બીજા હતાં. સંતાનમાં બે દિકરા છે. જ્યારે વિનુભાઇ ચાર ત્રણ ભાઇમાં મોટા હતાં અને ખેત મજૂરી કરતાં



હતાં. તેને સંતાનમાં એક દિકરો અને ચાર દિકરી છે. આમ બંનેના મોતથી તેમના સંતાનોએ પિતાની છત્રછાંયા ગુમાવતાં કલ્પાંત સર્જાયો હતો. કેશોદ પોલીસે રાજકોટ પહોંચી કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના જોઇએ તો ટંકારાના હડમતીયા નજીક પતિના બાઇક પાછળ બેઠેલા મહિલાની સાડી બાઇકના વ્હીલમાં ફસાઇ જતાં પોતે બાઇક પાછળથી પટકાઇ જતાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું છે. તેના ખોળામાં દોઢ વર્ષનો દિકરો પણ હતો. તેનો અને પતિ તથા અન્ય દિકરાનો પણ બચાવ થયો હતો. દંપતિ, બે પુત્રોને લઇને હડમતીયા ગામે યોજાયેલા પાલણપીરના મેળામાં જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. થાનગઢમાં રહતાં બત્રીસ વર્ષના મહેશભાઇ ધનાભાઇ વાઘેલા નામના યુવાન ગત સાંજે પોતાના બાઇકમાં પત્નિ ત્રીસ વર્ષના ધારાબેન તથા બે પુત્રો સાત વર્ષના નિરજ અને દોઢ વર્ષના રિયાંશને લઇને ટંકારાના હડમતાળા ગામે યોજાયેલા પાલણપીરના મેળામાં જવા નીકળ્યા હતાં. તેઓ હડમીતયા નજીક પહોંચ્યા ત્યારે પાછળ બેઠેલા ધારાબેનની સાડી હોન્ડાના વ્હીલીમાં ફસાઇ ગઇ હતી.

આ કારણે તેમણે બેલેન્સ ગુમાવ્યું હતું. તેમના ખોળામાં દોઢ વર્ષનો દિકરો રિયાંશ પણ હતો. માતા-પુત્ર બંને રોડ પર ફેંકાઇ જતાં ગયા હતાં. હોન્ડા પણ સ્લીપ થઇ ગયું હતું. ધારાબેનને ગંભીર ઇજા પહોંચી હતી. જ્યારે બે પુત્ર, પતિનો ચમત્કારીક બચાવ થયો હતો. ધારાબેનને માથા શરીરે ઇજા પહોંતી હોઇ વાંકાનેર હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી બેભાન હાલતમાં રાજકોટ સિવિલમાં લાવવામાં આવ્યા હતાં. પરંતુ અહિ સવારે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થાનગઢ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ધારાબેનને સંતાનમાં બે દિકરા છે. પતિ કડીયા કામ સહિતની છુટક મજૂરી કરે છે. બે દિકરા મા વિહોણા થઇ જતાં અને પરિવારનો માળો વિખેરાઇ જતાં વાઘેલા પરિવારમાં કલ્પાંત સર્જાર્યો હતો. આમ વધુ બે જીવલેણ વાહન અકસ્માતમાં કુલ ત્રણ લોકોની જિંદગીની સફરનો કરૂણ અંત આવી જતાં તેમના પરિવારોના માળા વેરણછેરણ થઇ ગયા હતાં.

પંચાયત ચોકમાં વિદ્યાર્થીને બોલાવી મિત્રોએ જ કર્યો લોહીલુહાણ

મિત્ર સાથે થયેલી બોલાચાલીમાં કોન્ફરન્સ કોલ કરતાં ગાળાગાળી બાદ ડખ્ખો



રાજકોટ તા. ૬

મારામારીની એક ઘટનામાં વિદ્યાર્થી ઉપર તેના જ મિત્રોએ હુમલો કરી છરીથી ઇજા પહોંચાડી ઢીકાપાટુ મારી માથે જતાં ખૂનની ધમકી દીધી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે લોધાવાડ ચોક સુયોગ બિલ્ડીંગમાં રહેતાં શૌર્ય અરૂણભાઇ ભટ્ટની ફરિયાદ પરથી કોટેચા ચોક મેગસન પાછળ રહેતાં જીત જયભાઇ ભટ્ટ અને આર્યન ગોલતર વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. શૌર્ય પરિવાર સાથે રહે છે અને કાલાવડ રોડ પર આત્મીય સ્કૂલમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે બપોરે અઢી વાગ્યે મારા મિત્ર આદિત્ય રવિભાઇ ગુપ્ત સાથે હું મારા ઘરે હતો ત્યારે મિત્ર જીત ભટ્ટ જે કોટેચા ચોકમાં રહે છે તે તથા આર્યન ગોલતર જે બંને મારા અને આદિત્યના જુના મિત્રો હોઇ અગાઉ આદિત્ય સાથે જીતને બોલાચાલી થઇ હતી.

આ કારણ કોન્ફરન્સ કોલમાં મેં જીતને મેં કહેલ કે આદિત્ય સાથે તું કેમ બોલાચાલી કરે છે? આથી જીત ઉશ્કેરાઇ જઇ ફોનમાં ગાળો દેવા માંડ્યો હતો અને મને કહેલું કે પંચાયત ચોકમાં સાંજે આવજે. બાદ સાંજે સાડા ચારેક વાગ્યે આદિત્ય મને તેનુ એક્ટીવા લઇ લેવા આવ્યો હતો. અમે માલવીયા ચોક પાસે પફ ખાધા બાદ પંચાયત ચોક ગેલેક્સી પાન પાસે ગયા હતા. જ્યાં જીતને ફોન કરીને બોલાવતાં તે ફોન પર ફરીથી ગાળો દેવા માંડ્યો હતો. તેમજ તું ત્યાં જ રહેજે અમે આવીએ છીએ તેમ કહ્યું હતું.

બાદમાં જીત અને આર્યન ગોલ્ત્તર એક્સેસ લઇને આવ્યા હતાં અને મારી સાથે ફરીથી ગાળાગાળી કરી આદિત્યને ગાળો દીધી હતી. જીતે ખીસ્સામાંથી છરી કાઢી મને ડાબા કાંડામાં મારી દીધી હતી. આર્યને મને પકડી રાખેલો અને જીતે ઢીકાપાટુ માર્યા હતાં. આ પછી આદિત્યએ મને છોડાવ્યો હતો. આ વખતે પણ જીતે આજે તો તને જાનથી મારી નાંખવો છે, તું ધ્યાન રાખજે તેમ કહી ભાગી તે અને આર્યન ભાગી ગયા હતાં. મને લોહી નીકળતું હોઇ આદિત્ય હોસ્પિટલમાં લઇગયો હતો. તેમ વધુમાં શૌર્યએ જણાવતાં પીએસઆઇ એમ. એમ. ચાવડાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

જીવલેણ વાહન અકસ્માતની બે ઘટનામાં બે પરિવારે આધારસ્તંભ ગુમાવી દીધા

રીબ-રીબડા પાસે બે અકસ્માત બે યુવાનના કમકમાટીભર્યા મોત

એક યુવાન હાથમાં ડ્રેસીંગ કરાવવા જતા કાળ ભેટ્યો : બીજો કામ પતાવી ઘરે જતો હતો અને અકસ્માતમાં મૃત્યુ થયું

રાજકોટ તા. ૬

રોજબરોજ શહેર કે પછી શહેરની આસપાસના હાઇવે પર ગામોમાં વાહન અકસ્માત સર્જાતા રહે છે. આવા બનાવમાં કાં તો વાહન ચાલકના કે પછી ઠોકરે ચડનારાના હાથ પગ ભાંગે છે અને કાં તો તેમનો જીવ જાય છે. આવી વધુ બે જીવલેણ અકસ્માતની ઘટના ગોંડલ તાલુકાની હદમાં બની હતી. જેમાં રીબ ગામે રહેતો યુવાન પોતાના હાથના અંગુઠામાં મશીન પર કામ કરતી વખતે ઇજા થઇ હોઇ દવા લેવા ડ્રેસીગ કરાવવા જવા નીકળ્યો ત્યારે રીબ પાસે મોટર સાઇકલ સ્લીપ થઇ જતાં મોત થયું હતું. તેના મિત્રનો ઇજા સાથે બચાવ થયો હતો. બીજી ઘટનામાં રીબડાની ગોળાઇમાં મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં શાપર રહેતાં યુવાનનો જીવ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો ગોંડલ તાબેના રીબ ગામ પાસે બાઇક સ્લીપ થઇ જતાં તેના પર સવાર બે મિત્રો ફંગોળાઇ ગયા હતાં. જેમાંથી એકનું મોત થયું છે અને બીજાને ઇજા થતાં સારવાર હેઠળ છે. જેનું મૃત્યુ થયું તે યુવાનને હાથના અંગુઠામાં ઇજા થઇ હોઇ ડ્રેસીંગ કરાવવા માટે તે મિત્રને સાથે લઇને જતો હતો ત્યારે અકસ્માત નડ્યો હતો. વધુ માહિતી અનુસાર ગોંડલના રીબ ગામે શ્રેયશ ફેક્ટરી પાસે રહેતો અને ફેક્ટરીમાં મજૂરી કરતો બાવીસ વર્ષનો સુરપાલભાઇ ભલાભાઇ બારીયા રાતે નવેક વાગ્યે રીબથી મિત્રના બાઇક પાછળ બેસી ગોંડલ



પોતાના હાથના અંગુઠામાં અગાઉ ઇજા પહોંચી હોઇ ડ્રેસીંગ કરાવવા માટે જતો હતો.

બંને મિત્રો રીબ નજીક જ હતાં ત્યારે બાઇક સ્લીપ થઇ જતાં બંનેને ઇજાઓ થતાં ગોંડલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાંથી સુરપાલભાઇને ગંભીર હાલતમાં વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સવારે તેણે દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર સુરપાલભાઇ મુળ અરવલ્લીના માલપુરનો વતની હતો અને બે ભાઇ તથા બે બહેનમાં મોટો હતો. તેના લગ્ન એક વર્ષ પહેલા થયા હતાં. બનાવથી મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. પોલીસે રાજકોટ પહોંચી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી.

બીજી આવી ઘટના જોઇએ તો રીબડાની ગોળાઇમાં જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં શાપરના યુવાનનું મૃત્યુ થયું છે. શાપરનો યુવાન બાઇક હંકારીને જઇ રહ્યો હતો ત્યારે બાઇક સ્લીપ થઇ જતાં આ ઘટના બની હતી. તેને સારવાર માટે રાજકોટ ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. આ બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.વધુ માહિતી જોઇએ તો શાપરની સર્વોદય સોસયાટીમાં રહેતો દિલાવરભાઇ અનવરભાઇ બુકેરા નામનો એકત્રીસ વર્ષનો યુવાન રાતે સાડા દસેક વાગ્યે મોટરસાઇકલ હંકારીને નીકળ્યા હતો.

તે રીબડાની ગોળાઇમાં પહોંચેલ ત્યારે એકાએક બાઇક સ્લીપ થઇ જતાં બાઇક સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. બનાવને પગલે લોકો ભેગા થઇ ગયા હતાં. દિલાવરભાઇને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોડી રાતે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગોંડલ તાલુકા પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. આમ વાહન અકસ્માતની બે ઘટના બે પરિવારના આધારસ્તંભને છીનવી ગઇ હતી.

વિદેશમાં નોકરી મેળવવા આંધળુકીયા કરતાં હોય તેના માટે લાલબત્તી સમાન કિસ્સો

યુવાનને વિઝાથી તાઇવાન મોકલી છેતર્યો

સત્યોતેર દિવસ સુધી ગેરકાયદેસર રીતે રખાયોઃ અંતે દંડ ભરીને પરત આવવું પડ્યુંઃ છ લાખનો ચુનો પણ લાગ્યો

રાજકોટ, તા. ૬

વિદેશમાં નોકરી કરવા ઇચ્છુકોને ગઠીયાઓ સતત છેતરી રહ્યા છે. વર્ક પરમીટ વિઝાના નામે સતત ઠગાઇ થઇ રહી છે. વધુ એક વખત નોકરીના નામે આવી ઠગાઇ થઇ હતી. જેમાં એક યુવાનને તાઇવાનમાં નોકરી અપાવી દેવાના નામે તેની પાસેથી બે શખ્સોએ છ લાખ જવી રકમ પડાવી લઇ બાદમાં બનાવટી વિઝા પર તાઇવાન મોકલી દીધો હતો. જ્યાં તેને સત્યોતેર દિવસ ગેરકાયદેસર રીતે રાખવામાં આવ્યા બાદ પરત આવવું પડ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો વોડદરામાં રહેતાં મુળ મહારાષ્ટ્રના તેત્રી સ વર્ષીય સાગર સુંદર પુજારી સાથે તાઇવાનમાં નોકરી અપાવવાના બહાને પાંચ લાખ એકોતેર હજારની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ વારસિયા પોલીસ સ્ટેશનમાં નોંધાતા તપાસ શરૂ કરાઇ હતી. વિક્ટોરીયા વિઝન નામની કંપનીના નામે શ્રેયાંન્શી જોષી અને સોલિસિટર તરીકે ઓળખ આપનાર વિનીત શાહ દ્વારા તાઇવાનમાં વર્ક પરમિટ વિઝા, નોકરી તથા એઆરસી-એલિયન્સ રેસિડેન્સ સર્ટિફિકેટ અપાવવાની ખાતરી આપવામાં આવી હતી. ઓનલાઇન રૂ.૨૧ હજાર પ્રોસેસિંગ ફી તથા રૂ.૫.૫૦ લાખના ચેક મેળવી કુલ રૂ.૫.૭૧ લાખ લીધા બાદ તેને નોકરી તો અપાઈ જ નહી.

પરંતુ બનાવટી વિઝા આપી તાઇવાનમાં ગેરકાયદે રીતે રોકાવા માટે મજબૂર કર્યો હતો. ત્યારબાદ સાગર અને તેમની પત્નીએ ઓનલાઈન નોકરીની શોધખોળ કરતાં વિક્ટોરીયા વિઝન અંગે માહિતી મળી હતી. ત્યારબાદ તેમની પત્ની એ શ્રેયાંન્શી જોષી સાથે વાતચીત કરી હતી. શ્રેયાંન્શી જોષીએ વડોદરાના ન્યુ વીઆઇપી રોડ પર બાલાજી વિંગ બેંકર હોસ્પિટલ નજીક તેમની ઓફિસ હોવાનું જણાવી તાઇવાનમાં વર્ક પરમિટ વિઝા અને નોકરી અપાવવાની સાથે એઆરસી કઢાવી આપવાની ખાતરી આપી હતી. પરંતુ પૈસા લીધા બાદ નોકરી નક્કી થઈ ગઈ હોવાનું કહી રોજ ફરિયાદીને મુંબઈથી બેંગકોક મોકલવામાં આવ્યો હતો. ત્યાં ત્રણ-ચાર દિવસ રોકાવા જણાવ્યું હતું. તાઇવાનમાં પ્રવેશ માટે ઓસ્ટ્રેલિયાનો વિઝા જરૂરી



હોવાનું કહીને ઓનલાઈન ઓસ્ટ્રેલિયન વિઝાની પ્રક્રિયા કરાવી ઈ-મેઇલ મારફતે વિઝા મોકલવામાં આવ્યો હતો.

ત્યારબાદ તાઇવાન માટે ચૌદ દિવસનો આરઓસી વિઝા મોકલવામાં આવ્યો હતો. ફરિયાદી ત્રીસ જૂને બેંગકોકથી તાઇવાન પહોંચ્યો હતો અને તાઇપેઈ શહેરની ટ્વીન સ્ટાર હોટલમાં રોકાયો હતો. તાઇવાન પહોંચ્યા બાદ શ્રેયાંન્શી જોષીએ એક-બે દિવસમાં નોકરી અપાવવાની ખાતરી આપી હતી. જોકે, નોકરી ન મળતા ફરિયાદીએ વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. વિઝાની મુદત પૂરી થતી હોવાની જાણ કરતા કંપનીએ વિઝા એક્સટેન્ડ કરવાની પ્રક્રિયા કરી હોવાનું જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ વોટ્સએપ મારફતે સાઇઠ દિવસનું આરઓસી મોકલવામાં આવ્યું હતું. ફરિયાદ મુજબ, બાદમાં આ આરઓસી બનાવટી હોવાનું તાઇવાન ઇમિગ્રેશનની કાર્યવાહી દરમિયાન જાણવા મળ્યું હતું.

આ પછી સાંઇઠ દિવસનો સમય પૂરો થયા બાદ પણ નોકરી આપવામાં આવી ન હતી અને વધુ સમય રોકાવા માટે વારંવાર ખાતરી આપવામાં આવતી હતી. ત્યારબાદ શ્રેયાંન્શી જોષી દ્વારા પૈસા પરત નહીં આપે અને 'ઇન્ડિયા આવીને બતાવ' તેવી ધમકીભર્યો મેસેજ મોકલવામાં આવ્યો હતો. બાદમાં હોટલ બુકિંગ અને જમવાની વ્યવસ્થા પણ બંધ કરી દેવામાં આવી હતી. આખરે યુવકે તાઇવાનના તાવ્યાન એરપોર્ટ ખાતે સરેન્ડર કર્યું હતું. ઇમિગ્રેશન અધિકારીઓએ પૂછપરછ માટે તેને ઇન્ટરોગેશન રૂમમાં લઈ જતાં સાઇઠ દિવસનું આરઓસી બનાવટી હોવાનું સામે આવ્યું હતું.

આમ યુવક માત્ર ચૌદ દિવસ કાયદેસર રીતે તાઇવાનમાં રહી શક્યો હતો, જ્યારે બાકીના દિવસો ગેરકાયદે રોકાણ ગણાતા તાઇવાન સત્તાવાળાઓ દ્વારા ચાલીસહજાર તાઇવાન ડોલરનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ત્રણ વર્ષ સુધી તાઇવાનમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ યુવક પોતાના ખર્ચે તાઇવાનથી હોંગકોંગ અને ત્યાંથી મુંબઈ પરત ફર્યો હતો. આમ વધુ એક વખત વિદેશના સપના જોનારા યુવાનના ભાગે ફોડ અને પસ્તાવા સીવાય કંઇ આવ્યું નહોતું. આવી ઠગાઇ વારંવાર થતી રહે છે. જેમાં વધુ એક કિસ્સો ઉમેરાઇ ગયો હતો.

દામ્પત્ય જીવન હોય કે પ્રેમ પ્રકરણ દગાખોરી કે શંકા ઘર કરે તો આવે માઠા પરિણામ

વિધવા પર શંકા કરી પ્રેમીએ ઉતારી મોતને ઘાટ

મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇઃ પતિના અવસાન બાદ મહિલા જેની સાથે લિઇ ઇનમાં રહેતી હતી તેણે જ હત્યા કરીઃ બીજી ઘટનામાં એનઆરઆઇ પત્નિ પર પતિનો અમાનુષી ત્રાસ અને સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્યઃ પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૬

પ્રેમી પંખીડાઓ હોય કે પતિ-પત્નિ હોય બંને વચ્ચે પરસ્પર સ્નેહ સમર્પણ વફાદારી-વિશ્વાસ હોય તો પ્રેમની ગાડી કે સંસારની ગાડી સુખેથી આગળ વધતી રહે છે. પરંતુ જો અહિ દગાખોરી ડગલા માડે તો તેનું પરિણામ કલ્પના બહારનું પણ આવી શકે છે. આવી જ એક હત્યાની ઘટના સામે આવી હતી. જેમાં એક પ્રેમીએ પોતાની પ્રેમિકાને બીજા કોઇ સાથે લફરૂ છે એવી શંકાને કારણે મોતને ઘાણ ઉતારી દીધી હતી. પતિના નિધન બાદ વિધવા મહિલાએ જિંદગીને આગળ ધપાવવા પ્રેમમાં પડી લિવ ઇન કરાર કર્યા હતાં. પણ તેને ખબર નહોતી કે આ પ્રેમી તેને સહારો આપવાને બદલે તેનો જીવ લઇ લશે. પોલીસે હત્યારાને ઝડપી લેતાં ચોંકાવનારી હકિકત સામે આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના છાણભોઈ ગામ ખાતે સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી હતી. પતિના નિધન બાદ પ્રેમી સાથે લીવ ઇનમાં રહેતી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં અન્ય સાથે પ્રેમ સંબંધ અને ચારિત્ર્ય પરની શંકાના કારણે વિધવા મહિલાની તેના જ પ્રેમી દ્વારા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે. બનાવમાં પોલીસે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. પોલીસ સુત્રોએ કહ્યું કે શિનોર તાલુકાના વિસ્તારમાંથી મનીષાબેન વસાવા નામની મહિલાનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ બનાવ અંગે ડીવાયએસપી પી. એન. પટેલના જણાવ્યા અનુસાર મૃતક મનીષાબેન વસાવા વિધવા થયા બાદ સતીશ વસાવા નામના યુવક સાથે પ્રેમ સંબંધમાં બંધાયા હતા અને બંને સાથે રહેતા હતા. આરોપી સતીશ વસાવા અવારનવાર મનીષાબેન પર ચારિત્ર્ય અંગે શંકા-કુશંકાઓ કરતો હતો, જેના કારણે બંને વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. દરમિયાન કોઈ બાબતને લઈને બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ તકરાર દરમિયાન ગુસ્સામાં આવેલા સતીશે આવેશમાં આવીને મનીષાબેન



પર તીક્ષ્ણ હથિયાર વડે તાબડતોબ હુમલો કરી દીધો હતો. હુમલામાં ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે મનીષાબેનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ શિનોર પોલીસ કાફલો તુરંત સ્થળ પર પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી કાયદેસરની ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. શરૂઆતમાં આ ગુનો અનડીટેક્ટ હતો અને હત્યા કોણે શા માટે કરી તેની કોઇ હકિકત સામે આવી નહોતી. પોલીસ તપાસ દરમિયાન આ વિધવાની હત્યા તેના જ પ્રેમીએ કર્યાનું ખુલતાં તેને ઝડપી લેવાયો હતો. મૃતક મહિલાના પતિનું દસ વર્ષ અગાઉ નિધન થયું હતું. તેણીને બે સંતાનો છે, જેમાં એક દીકરીના લગ્ન થઈ ગયા છે જ્યારે દીકરો તેના મામાના ઘરે રહેતો હોવાનું પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું. હાલ પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી એક ઘટના જોઇએ તો આણંદની એક મહિલાને તેનો જ પતિ ત્રાસ આપી સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્યુ આચરતો હોવાના આરોપ સાથે એફઆઇઆર દાખલ થઇ છે. આણંદનો બિલ્ડર પતિ અસહ્ય ત્રાસ ગુજારતો હતો. તેમજ પતિએ ભારત પરત આવી જબરદસ્તી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું જ્યારે તેના મિત્રે પરિણીતાની છેડતી કરી હતી. પતિ તેની પત્નિ ઉપર આડા સંબંધનો આક્ષેપ કરી મારતો હતો, સાથે પુત્રની સારવાર માટે પરિણીતા રૂપિયા માગે તો પણ ઝઘડા કરતો હતો. આ બારામાં મૂળ આણંદની અને હાલ સમા-સાવલી રોડ રહેતી આડત્રીસ વર્ષીય પરિણીતાએ સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેણીના બીજા લગ્ન બિલ્ડર કાર્તિક સાથે થયા હતા. તે કેનેડાની પીઆર હતી જેથી બાળકના આધારે પતિના પીઆર થયા હતા. ત્યારબાદ દંપતી પરત આણંદ આવી ગયું હતું.

આ પછી પતિ જબરદસ્તી સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરતો હતો. ઘરે પતિનો મિત્ર રિપલ પટેલ સહિત લોકો આવતા હતા. રિપલ મહિલાની છેડતી કરતો હતો. જેની જાણ પરિણીતા પતિ, સાસુ-સસરાને કરે તો તેઓ વાત ટાળતા હતા. પતિ જીમ-ટ્રેનર સાથે આડા સંબંધ હોવાનું કહી ત્રાસ આપતો હતો. પતિ કહેતો કે, તારૂ ક્યાંક અફેર છે, છૂટાછેડા આપી પુત્રને લઈને જતી રહે. ચારવર્ષના પુત્રને ઓછુ બોલતા આવડતું હોવાથી ઓક્યુપેશન-સેન્સરી ઈન્ટીગ્રેશનની સારવાર ચાલે છે. મહિલા પુત્રની સારવારના રૂપિયા માગે તો પતિ ઘરેથી નીકળી જવા કહેતો. સારવાર કરાવીને આવે ત્યારે પતિ દરવાજો બંધ કરી દેતો હતો. સમા પોલીસ મથકના પીએસઆઇ એસ.જી.ડામોરે જણાવ્યું કે, ઝીરો નંબરે ફરિયાદ નોંધી છે. ખંભોળજ પોલીસને ટ્રાન્સફર કરાશે.

મફતમાં પાણી પી ગયો ને માથેથી ચેઇન ખેંચતો ગયો!

દૂકાને બેઠેલા વૃધ્ધા પાસે આવેલા શખ્સે બહુ તરસ લાગી છે પહેાલ બોટલ આપો પછી તમને દસ રૂપિયા આપુ કહી પાણી ગટગટાવ્યું ને બાદમાં કરી ચીલઝડપ

રાજકોટ તા. ૬

ચીલઝડપની એક ઘટનામાં એક ગઠીયો વૃધ્ધા દૂકાને બેઠા હતાં ત્યારે બહુ તરસ લાગી છે, પાણીની બોટલ આપો પછી દસ રૂપિયા આપુ કહી બોટલ મેળવી પાણી પી ગયા પછી દસ રૂપિયા આપવાને બદલે આ વૃધ્ધાના ગળામાંથી એક લાખનો ચેઇન ખેંચી ભાગીગયો હતો. શહેરના રામનાથ મહાદેવ મંદિર પાસે, આજીનદીના કાંઠે આવેલા રાવણ ચોક વિસ્તારમાં આ બનાવ બન્યો હતો.

વિગતો જોઇએ તો આ બનાવમાં થોરાળા પોલીસે રામનાથ મહાદેવ મંદિર આજી નદી કાઠે મેલડીમાતાના માંદિર સામે રહેતાં અને ઘરની સાથે જ છોકરાઓના ભાગની દુકાન ચલાવતાં રંજનબેન અમૃતભાઇ પાટડીયા નામના પાંસઠ વર્ષના વૃધ્ધની ફરિયાદ નોંધી તપાસ શરૂ



કરીહ તી. વૃધ્ધા પરિવાર સાથે રહે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું હતું કે તા. ૪ના બપોરના આશરે એકાદ વાગ્યાના અરસામાં તેઓ દૂકાને બેઠા હતાં. આ વખતે ૨૦ વર્ષની વયનો અને પોપટી કલરનો શર્ટ પહેરેલો એક અજાણ્યો યુવક તેમની દુકાને આવ્યો હતો. તેણે 'મને બહુ તરસ લાગી છ, પાણી પી ને તમને દસ રૂપિયા આપું' તેમ કહી પાણીની બોટલ માગી હતી. આથી રંજનબેને બોટલ આપતાં એ યુવકે પાણી પી લીધું હતું.

ત્યારબાદ જ્યારે તેમણે પાણીની બોટલના ૧૦ રૂપિયા માગ્યા, ત્યારે આ શખ્સે દસ રૂપિયા ન દઇ અચાનક રંજનબેનના ગળામાં પહેરેલ આશરે બે તોલા સોનાના ચેઇન પર ઝોંટ મારી આંચકીલીધો હતો અને દોટ મુકી કુબલીયાપરા તરફ ભાગી ગયો હતો. વૃધ્ધા રંજનબેને બૂમાબૂમ કરી હતી પણ તે ભાગી ગયો હતો. આ પછી રંજનબેને તુરંત જ તેમની દીકરી મિતલબેન તથા માલતીબેનને જાણ કરી હતી. પરિવારજનો દ્વારા પોતાની રીતે તપાસ કરવામાં આવ્યા બાદ પોલીસને જાણ કરાઇ હતી. થોરાળાના ઇન્સપેકટર એસ. પી. સોઢાના માગર્દશનમાં એએસઆઇ વી. જી. બોરીચાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

ઓનલાઇન ગઠીયાગીરીની વધુ બે ઘટનામાં વૃધ્ધા, અને ફેક્ટરી સંચાલક છેતરાયા

ડીજીટલ એરેસ્ટઃ નર્સના ૩૪ લાખ પડાવ્યા

બીજી ઘટનામાં ગઠીયાઓએ ચાર કારીગરોના પગારના અડધો લાખ ફેક્ટરી માલિકને છેતરીને ટ્રાન્સફર કરાવી લીધા

રાજકોટ તા. ૬

ઓનલાઇન ઠગાઇના કિસ્સાઓ યથાવત રહ્યા છે. વધુ એક વખત ડિજીટલ એરેસ્ટનો કિસ્સો પોલીસ સુધી પહોંચ્યો હતો. નિવૃત નર્સને ડિજીટલ એરેસ્ટ કરીને ગઠીયાઓએ ચોત્રીસ લાખ પડાવી લીધા હતાં. જો કે સાયબર ક્રાઇમ પોલીસની સતર્કતાને કારણે બીજા સોળ લાખ બચી ગયા હતા. બીજી ઘટનામાં એક ફેકટ્રી સંચાલકને છેતરીને કારીગરોના પગારના નાણા સાયબર ગઠીયાઓએ ઓનલાઇન મેળવી લીધા હતાં. આ મામલે આઇટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો સુરતના કામરેજના ખોલવડમાં સડસઠ વર્ષીય નિવૃત્ત નર્સ મોક્ષાબેન દશરથલાલ મોદીને સાયબર ઠગોએ ડિજિટલ અરેસ્ટ કરી ચોત્રીસ લાખ રૂપિયા પડાવ્યા. બેંક અને દુબઈમાં રહેતી તેમની દીકરીની સતર્કતાથી વધુ ૧૬ લાખ રૂપિયાની છેતરપિંડી અટકી. કામરેજ પોલીસે સંદીપ રાવ અને પાટીલ નામના બે સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. વધુ મહિતી મુજબ સંદીપ રાવે વોટ્સએપ કોલ કરી પોતાને નાશિક પોલીસમાંથી હોવાનું જણાવ્યું. મોક્ષાબેનના આધારકાર્ડથી નકલી બેંક ખાતામાં બે કરોડ જમા થયાનો આરોપ લગાવ્યો હતો. તેમજ એડિશનલ ડીજીપી પાટીલ તરીકે ઓળખ આપનાર બીજા



શખ્સે પોલીસ યુનિફોર્મમાં વીડિયો કોલ કર્યો. તેણે કાયદાકીય કાર્યવાહીની ધમકી આપી, નકલી વોરંટ મોકલી મોક્ષાબેનને ઘરમાં જ ડિજિટલ અરેસ્ટ કરી દીધા હતાં.

આ પછી આરોપીઓએ કેસમાંથી છોડાવવાના બહાને પચાસ લાખ માંગ્યા અને ૩૪ લાખ ટ્રાન્સફર કરાવ્યા. વધુ ૧૬ લાખ માંગતા બેંક કર્મચારીઓએ દીકરી તન્વીને જાણ કરી, જેનાથી છેતરપિંડીનો ખુલાસો થયો. પરિવારે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો. આથી તુરત જ સાયબર ક્રાઇમ પોલીસ પહોંચી ગઇ હતી અને વૃધ્ધાને સાચી સમજ આપી બાકીના સોળ લાખ ટ્રાન્સફર કરતાં અટકાવ્યા હતાં.

બીજી તરફ એક ફેક્ટરીના માલિક સાથે ઓનલાઇન ફ્રોડ આચરી ગઠીયાઓએ પગારની રકમ ઉસેડી લીધી હતી. સુરત જિલ્લાના પલસાણા ખાતે આવેલ વી.આર. ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં એક ફેક્ટરીના માલિક સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ હતી. સાયબર ગઠિયાએ કારીગરોના પગારની રકમ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવીને રૂપિયા ૫૭,૬૫૦નો ચૂનો લગાવ્યો છે. આ સમગ્ર મામલે પલસાણા પોલીસ સ્ટેશનમાં ગૌરવકુમાર નામ ધરાવતા અને ચોક્કસ ટ્રાન્ઝેક્શન આઈડીના ધારક અજાણ્યા શખ્સ સામે આઈટી એક્ટ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. મુળ સુરત શહેરના વેસુ વિસ્તારમાં આવેલા ગ્રીન વેલી ખાતે રહેતા અને પલસાણાના માખીંગા રોડ પર બીએલઆર નીટ ફેબ એલએલપી નામની ફેક્ટરી ધરાવતા ૨૮ વર્ષીય હિમાંશુકુમાર રાજેશકુમાર અગ્રવાલે આ મામલે ફરિયાદ નોંધાવી છે.

ગત તારીખ દસમીના રોજ સાંજના સમયે તેઓ પોતાની ફેક્ટરી પર હાજર હતા ત્યારે તેમના માસ્ટર રાજાસિંઘ દ્વારા કારીગરોના પગારનો હિસાબ અને બેંક ખાતાની વિગતો આપવામાં આવી હતી. ફરિયાદીએ માસ્ટરના કહ્યા મુજબ ગૌરવકુમાર નામના એકાઉન્ટમાં ચાર કારીગરોના પગારના કુલ રૂ. ૫૭,૬૫૦ ટ્રાન્સફર કર્યા હતા. બીજા દિવસે કારીગરોએ તેમના ખાતામાં પગાર જમા ન થયો હોવાની જાણ કરતા, ફરિયાદીએ ટ્રાન્ઝેક્શનની વિગતો તપાસી હતી. આ દરમિયાન ગૌરવકુમારે તે એકાઉન્ટ પોતાનું ન હોવાનું જણાવતા ફેક્ટરી માલિકને પોતાની સાથે ફ્રોડ થયું હોવાનો અહેસાસ થયો હતો. આ અંગે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

રોજેરોજ બેફામ બનીને લોકોને છેતરી રહ્યા છે સાયબર ગઠીયાઓઃ વધુ ત્રણ ભટના

ગેસ કંપની–ક્રેડીટ કાર્ડના નામે લાખોનું ફ્રોડ

એક નિવૃત વૃધ્ધના સાડા ૧૪ લાખ, એક યુવાનના છ લાખ અને અન્ય કેસમાં વૃધ્ધના સવા ચાર લાખ ગયા

રાજકોટ તા. ૬

સાયબર ક્રાઇમની ઘટનાઓ એટલી હદે વધીગઇ છે કે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. જો કે ઘણીવાર લોકો લાલચમાં આવીને પણ ફ્રોડનો શિકાર બનતા રહે છે. વધુ ત્રણ સાયબ ફ્રોડમાં ગઠીયાઓએ લોકોના ચોવીસ લાખથી વધુની રકમ પડાવી લીધી હતી

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં સાયબર ક્રાઇમના ત્રણ કિસ્સામાં હેકર્સે બે વેપારી અને એકનિવૃત્ત વૃદ્ધ પાસેથી કુલ ૧૪.૫૦ લાખથી વધુની છેતરપિંડી કરી. ગેસ કનેક્શન માટે એપીકે ફાઈલ ડાઉનલોડ કરતા ૫.૯૦ લાખ, ક્રેડિટ કાર્ડ સ્વાઈપિંગમાં કમિશનની લાલચથી ૪.૩૭ લાખ અને ગેસ બિલ અપડેટ કરવાના બહાને ઓટીપી વિગતો મેળવી ૪.૨૩ લાખ પડાવી લીધા. ભોગ બનનારાઓએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં ઓનલાઈન છેતરપિંડી અને સાયબર ક્રાઈમના કિસ્સાઓ દિન-પ્રતિદિન ચિંતાજનક રીતે વધી રહ્યા છે. શહેરમાં સાયબર ફ્રોડ અને વિશ્વાસઘાતની ત્રણ અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે, જેમાં હેકર્સે માલવેર એપીકે ફાઈલ, ક્રેડિટ કાર્ડ સ્વાઈપિંગમાં કમિશનની લાલચ અને ગેસ બિલ અપડેટ કરવાના બહાને બે વેપારી અને એક નિવૃત્ત વૃદ્ધ મળી કુલ ૧૪.૫૦ લાખ રૂપિયાથી વધુની રકમ પડાવી લીધી છે. ભોગ બનનારાઓએ આ અંગે પોલીસ મથકે ફરિયાદો નોંધાવી હતી. પહેલી ઘટનામાં અમરાઈવાડીમાં રહેતા ૫૫ વર્ષીય મહેશ જૈન સાથે સાયબર ફ્રોડ થયોહતો.

જેમાં તેણે દુકાન માટે ગેસ કનેક્શન લેવા ઓનલાઈન સર્ચ કર્યું હતું. ત્યારબાદ તેને હેકરે અજાણ્યા વોટ્સએપ નંબર પર ગેસ અપડેટ નામની ફાઇલ મોકલીને રજીસ્ટ્રેશન માટે ૧૦ રૂપિયા ચૂકવવા કહ્યું હતું. આ એપીકે ફાઇલ ડાઉનલોડ કરતા જ હેકરે તેમના મોબાઇલ હેક કરી લીધો હતો અને તેમના કેનેરા બેંક એકાઉન્ટમાંથી ઓટીપી લઈને ૫,૯૦,૭૯૬ રૂપિયા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જે બાદ વેપારીએ સાયબર ક્રાઈમ પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે બીજી ઘટનામાં ફરિયાદી અવેશ યાસીને પોતાના અને પોતાના માતા-પિતાના ક્રેડિટ કાર્ડનું બિલ ભરવા માટે ક્રેડિટ કાર્ડ સ્વેપિંગનો ધંધો કરતા ત્રણ પરિચિતો મોહમ્મદ રીબા, અહેમદ હુસૈન અને નફીસ સૈયદને ત્રણ ટકા કમિશનની શરતે પોતાના કાર્ડ આપ્યા હતા. આ આરોપીઓએ વિશ્વાસઘાત કરી ફરિયાદીના બે ક્રેડિટ કાર્ડમાં ફ્રોડના કુલ ૪,૩૭,૧૮૪ રૂપિયા જમા કરાવ્યા અને વિવિધ ઓનલાઈન પોર્ટલથી તે રકમ ઉપાડી લીધી હતી. ત્યારબાદ આંધ્ર પ્રદેશ પોલીસે ફરિયાદીના ઘરે આવીને જાણ કરી કે તેના કાર્ડમાં ફ્રોડના રૂપિયા જમા થયા છે અને કાયદેસરની કાર્યવાહી કરી પોલીસે ફરિયાદી પાસેથી કુલ ૪,૩૭,૧૮૪ રૂપિયા રિકવર કર્યા હતા. આરોપીઓએ ફ્રોડના રૂપિયાનો ઉપયોગ કરી છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. જે બાદ વેપારીએ પોલીસ ફરિયાદ કરી છે.

જ્યારે સાયબર ફ્રોડની ત્રીજી ઘટનામાં નિકોલ વિસ્તારમાં રહેતા અને ગુજરાત સરકારમાંથી નિવૃત થયેલા ૭૦ વર્ષીય પ્રવિણચંદ્ર નટરલાલ મોદી નામના વૃદ્ધ સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. તેમને અદાણી ગેસમાંથી બોલું છું તેવી ખોટી ઓળખ આપી એક હેકરે વોટ્સએપ પર કોલ કરી ગેસ બિલ અપડેટ કરવાના બહાને ફરિયાદીને એક ફોર્મ મોકલ્યું હતું. આ ફોર્મ ચાર્જના માત્ર ૨૦ રૂપિયા ભરવાનું કહીને હેકરે તેમની પાસેથી બેંક ઓફ ઇન્ડિયા અને પત્ની સાથેના જોઈન્ટ યસ બેંકના એટીએમ કાર્ડની વિગતો લઈ લીધા હતા.

આ વિગતોના આધારે હેકરે ફરિયાદીની જાણ બહાર તેમના બેંક ઓફ ઇન્ડિયાના એકાઉન્ટમાંથી ૩,૨૩,૫૬૦ રૂપિયા અને યસ બેંકના એકાઉન્ટમાંથી ૯૯,૫૦૦ રૂપિયા સહિત કુલ ૪,૨૩,૦૬૦ રૂપિયા અલગ-અલગ અજાણ્યા બેંક એકાઉન્ટમાં ઓનલાઇન ટ્રાન્સફર કરી લીધા હતા. બેંકમાંથી ડેબિટ ટ્રાન્ઝેક્શન અંગેનો કોલ આવતા પોતાની સાથે ફ્રોડ થયાની જાણ થતાં ભોગ બનનાર વૃદ્ધે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આમ ત્રણ અલગ અલગ સાયબર ફ્રોડ થકી ગઠીયાઓ ચૌદ લાખ પચાસ હજાર જેવી રકમ અલગ અલગ લોકો પાસેથી ઉસેડી ગયા હતાં.



રેલવે રિઝર્વેશનમાં ગૌટાળો..?

તહેવારોમાં કન્ફર્મ ટિકિટ મેળવવી મુશ્કેલ

બોગસ બુકિંગનું મોટું સંગઠિત કૌભાંડ ? : એજન્ટો, ટુર ઓપરેટરો અને કર્મચારીઓની મિલીભગતની આશંકા

રાજકોટ, તા. ૬

દિવાળીના તહેવારો અને વેકેશનના ગાળામાં વતન જવા કે પ્રવાસ માણવા નીકળતા સામાન્ય નાગરિકો માટે ટ્રેનની કન્ફર્મ ટિકિટ મેળવવી હંમેશાં એક પડકારજનક પ્રક્રિયા રહી છે, પરંતુ આ વર્ષે દિવાળી વેકેશન શરૂ થાય તે પૂર્વે જ રેલવે રિઝર્વેશન સિસ્ટમ ગંભીર સવાલોના ઘેરામાં આવી ગઈ છે. દેશના પશ્ચિમ વિસ્તારમાંથી ઉત્તર અને દક્ષિણ ભારત તરફ જતી લાંબા અંતરની ટ્રેનોમાં બોગસ મુસાફરોના નામે સીટો બ્લોક કરવાનો એક વ્યવસ્થિત અને સંગઠિત ખેલ ચાલી રહ્યો હોવાની ગંભીર ફરિયાદો સામે આવી છે. સામાન્ય નાગરિક જ્યારે બુકિંગ ખુલવાની પહેલી જ મિનિટે પ્રયાસ કરે છે ત્યારે સેકન્ડોમાં જ 'રિગ્રેટ' અથવા તો વિશાળ વેઇટિંગ લિસ્ટ જોવા મળે છે, જેની પાછળ આ કથિત રેકેટ કાર્યરત હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મુસાફરોની ભારે ભીડનો ગેરલાભ ઉઠાવવા માટે ખાનગી ટિકિટ એજન્ટો અને કેટલાક રેલવે કર્મચારીઓ વચ્ચેનું એક મોટું નેટવર્ક સક્રિય બન્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ કાઉન્ટરો અને ઓનલાઈન પોર્ટલ બંને પરથી ગણતરીની મિનિટોમાં સીટો ગાયબ થઈ જવાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. સામાન્ય મુસાફરોને સીટો ન મળે તે માટે ચોક્કસ સોફ્ટવેર અને અનધિકૃત યુઝર આઈડી મારફતે સીટો પહેલાથી જ કબજે કરી લેવામાં આવે છે. આ પ્રકારની ગેરરીતિ માત્ર તકનીકી ખામી નથી, પરંતુ માનવીય હસ્તક્ષેપ અને સાંઠગાંઠ વિના આ સ્તરે શક્ય નથી તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

દિવાળીના સમયગાળા દરમિયાન વિવિધ પ્રવાસન સ્થળોના પેકેજ વેચતા કેટલાક ખાનગી ટુર ઓપરેટરો દ્વારા પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમમાં મોટા પાયે બલ્ક બુકિંગ કરાવાયું હોવાનું બહાર આવી



રહ્યું છે. ટુર પેકેજ વેચવા માટે પ્રથમથી જ બોગસ અથવા કાલ્પનિક નામો ઉમેરીને સીટો પોતાના કબજામાં કરી લેવાય છે અને પાછળથી પ્રવાસીઓ મળ્યેથી નિયમોની ઐસીતૈસી કરીને મુસાફરી કરાવવામાં આવતી હોવાની આશંકા છે. આ પ્રવૃત્તિને કારણે એક તરફ નિયમિત અને ખરેખર જરૂરિયાતમંદ પ્રવાસીઓને વેઇટિંગ ટિકિટ સાથે રઝળવાનો વારો આવે છે, જ્યારે બીજી તરફ બ્લેક માર્કેટિંગ દ્વારા ઊંચા ભાવ વસૂલવામાં આવે છે.

આ સમગ્ર ગોટાળામાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે ગુજરાતમાંથી ઉપડતી અથવા ગુજરાત સાથે જોડાયેલી ટ્રેનોનું શંકાસ્પદ બુકિંગ પડોશી રાજ્ય રાજસ્થાનના વિવિધ પીઆરએસ કાઉન્ટરો પરથી કરવામાં આવ્યું છે. રાજસ્થાનના સરહદી અને અંતરિયાળ વિસ્તારોના રેલવે સ્ટેશનોના કાઉન્ટરો પરથી વહેલી સવારે મોટા પાયે ફોર્મ ભરીને બુકિંગ કરાયું હોવાની વિગતો સામે આવી રહી છે. અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મુખ્ય ઔદ્યોગિક શહેરોમાંથી ઉપડતી ટ્રેનોની ટિકિટો રાજસ્થાનના કાઉન્ટરો પરથી કેવી રીતે અને કોના ઇશારે બુક થઈ, તે એક મોટો તપાસનો વિષય બન્યો છે.

રેલવેના નિયમ મુજબ આરક્ષિત ટિકિટ પર મુસાફરી કરવા માટે મુસાફર પાસે અધિકૃત ઓળખપત્ર હોવું ફરજિયાત છે, તેમ છતાં બોગસ નામ પર બુક થયેલી ટિકિટો પર અન્ય વ્યક્તિઓ મુસાફરી કરી રહ્યા હોવાની ચર્ચાએ તંત્રની કાર્યક્ષમતા સામે પણ મોટા સવાલો ખડા કર્યા છે. ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા મુસાફરી દરમિયાન આઈડી વેરિફિકેશનની કામગીરીમાં બેદરકારી કે મિલીભગત રાખવામાં આવતી હોવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. જો બુકિંગ વખતે દર્શાવેલ વિગતો અને વાસ્તવિક પ્રવાસીના ઓળખપત્રોની કડક ચકાસણી ન થાય તો તે રેલવે સુરક્ષાની દ્રષ્ટિએ પણ એક મોટું જોખમ સાબિત થઈ શકે છે.

માત્ર જવા માટેની જ નહીં, પરંતુ દિવાળીના તહેવારો પૂરા થયા બાદ પરત ફરવા માટેની તારીખો એટલે કે ૧૩ નવેમ્બરથી ૨૫ નવેમ્બર વચ્ચેની રિટર્ન ટ્રેનોમાં પણ આ જ મોડસ ઓપરેન્ડી અપનાવવામાં આવી છે. રિટર્ન પ્રવાસની ટિકિટો પણ એકસાથે બ્લોક કરી દેવામાં આવી હોવાથી પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે, જે દર્શાવે છે કે ટુર ઓપરેટરો અને એજન્ટોએ સમગ્ર વેકેશન સીઝનને પોતાના નિયંત્રણમાં લેવા માટે અગાઉથી જ વ્યુહરચના ઘડી હતી.

સરકારની ઉકેલની ખાતરી છતાં વકીલો હડતાળ પર અડગ

મૌખિક આશ્વાસન નકારાયું, લેખિત બાંહેધરી અને જૂનો ભાડા કાયદો યથાવત રાખવા માંગ : નવા વિધેયકમાં સુધારા કે રદ્દીકરણ માટે બાર એસોસિએશનો સાથે સત્તાવાર ચર્ચા-વિચારણા કરવા વકીલ આલમની કડક શરત



રાજકોટ, તા. ૬

રાજ્યમાં તાજેતરમાં પ્રસ્તાવિત ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ને લઈને કાનૂની આલમમાં ઊભો થયેલો રોષ દિન-પ્રતિદિન વધુ આક્રમક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. આ નવો કાયદો ન્યાયિક પ્રક્રિયા, નાગરિકોના હિતો તેમજ ભાડા સંબંધિત વિવાદોની સુનાવણી પર પ્રતિકૂળ અસર પાડશે તેવી ભારે આશંકા સાથે રાજ્યભરના વકીલો અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે, જેના કારણે અદાલતોનું કામકાજ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે.

વિરોધ પ્રદર્શનના ભાગરૂપે એક તરફ અમદાવાદમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની એક મહત્વની અને હંગામી બેઠક યોજાઈ રહી છે, જેમાં આગામી દિવસોમાં આંદોલનને કઈ દિશા આપવી, હડતાળ યથાવત રાખવી કે પછી વિરોધના સ્વરૂપમાં ફેરફાર કરવો તે અંગે ગંભીર મંથન ચાલી રહ્યું છે. તો બીજી તરફ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વકીલો અનોખી રીતે પોતાનો આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. મોરબીમાં વકીલોએ પરંપરાગત વિરોધથી અલગ પડીને ઢોલના તાલે ગરબે ઘૂમીને સરકાર સામે અનન્ય પ્રદર્શન કર્યું હતું અને કાયદા સામે પોતાનો ભારે અસંતોષ નોંધાવ્યો હતો.

અગાઉ ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી દ્વારા સરકાર તરફથી એવી ખાતરી આપવામાં આવી હતી કે રાજ્ય સરકાર આ વિધેયકને આગળ નહીં વધારે અને રાજ્યપાલને પણ આ બિલ પર હસ્તાક્ષર ન કરવા માટે વિનંતી કરશે. જોકે, વકીલ સમુદાયે આ મૌખિક આશ્વાસનને સ્પષ્ટપણે નકારી કાઢ્યું છે. વકીલોની માંગ છે કે આવી મૌખિક બાબતો ભૂતકાળમાં પણ છટકબારી સમાન સાબિત થઈ છે, તેથી જ્યાં સુધી સરકાર તરફથી આ વિધેયકને સંપૂર્ણપણે રદ કરવા અંગે કે આગળ ન વધારવા અંગે સત્તાવાર લેખિત બાંહેધરી આપવામાં ન આવે ત્યાં સુધી આ લડતમાંથી પીછેહઠ કરવામાં આવશે નહીં.

દરમિયાન આ વિરોધ પ્રદર્શનમાં હવે રાજકીય ગરમાવો પણ ઉમેરાયો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે વકીલોના આ આંદોલનને ખુલ્લું અને પૂર્ણ સમર્થન જાહેર કર્યું છે. તેમણે રાજ્ય સરકારની નીતિઓની આકરા શબ્દોમાં ટીકા કરતા ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ને ''કાળો કાયદો'' ગણાવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે જનતાના મૂળભૂત અધિકારો અને ન્યાયિક વ્યવસ્થાના રક્ષણ માટે વકીલોએ નાછૂટકે રોડ પર ઉતરવાની ફરજ પડી છે. સામાન્ય નાગરિકોના હિત માટે લડી રહેલા વકીલો સાથે કોંગ્રેસ પક્ષ મજબૂતીથી ઊભો છે અને આ વિરોધને પૂર્ણ શક્તિ પૂરી પાડશે.

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ને લઈને રાજ્યભરના વકીલોનો વિરોધ હવે વધુ ગાઢ બન્યો છે. અદાલતી કામગીરીથી અળગા રહીને વકીલ આલમ આ કાયદાનો વિરોધ નોંધાવી રહ્યો છે. એડ્વોકેટ જનરલ કમલ ત્રિવેદી દ્વારા સરકાર તરફથી યોગ્ય ઉકેલ લાવવાની ખાતરી આપવામાં આવી હોવા છતાં, બાર એસોસિએશનો અને વકીલ સંગઠનો આ હડતાળને તાત્કાલિક સમેટવા કે પૂર્ણ કરવા માટે બિલકુલ તૈયાર નથી.

વકીલોનું સ્પષ્ટ માનવું છે કે ભૂતકાળમાં પણ આવી મૌખિક ખાતરીઓ બાદ યોગ્ય પરિણામો મળ્યા નહોતા. અગાઉના અનુભવોને ધ્યાનમાં રાખીને આ વખતે વકીલ આલમ કોઈ પણ પ્રકારની છટકબારી ચલાવી લેવાના મૂડમાં નથી. વકીલ સંગઠનોની સ્પષ્ટ શરત છે કે સરકાર આ મામલે માત્ર આશ્વાસન આપવાને બદલે સત્તાવાર લેખિત સ્વરૂપમાં જ સ્પષ્ટ ખાતરી આપે.

આ ઉપરાંત, વકીલોની મુખ્ય માંગણી એ છે કે સરકાર કાં તો પ્રસ્તાવિત નવા વિધેયકને રદ કરીને જૂનો ભાડા કાયદો જ યથાવત રાખે અથવા તો નવા ભાડા વિધેયકમાં રહેલી વિવાદિત અને પ્રતિકૂળ જોગવાઈઓમાં વ્યાપક સુધારા-વધારા કરે. સાથોસાથ, વકીલ આલમે સરકાર સમક્ષ એ મુદ્દો પણ ભારપૂર્વક મૂક્યો છે કે ભાડા કાયદા સંદર્ભે લેવાનારા તમામ નિર્ણયો અને સુધારા પ્રક્રિયામાં વકીલ સંગઠનો સાથે પ્રત્યક્ષ ચર્ચા-વિચારણા કરવામાં આવે. જ્યાં સુધી સરકાર લેખિત બાંહેધરી સાથે વકીલોની સહમતી નહીં લે, ત્યાં સુધી આ લડત યથાવત રાખવાનો સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં નોંધાયા માત્ર ૪૨ પ્રોજેક્ટ

રાજકોટના રિયલ એસ્ટેટમાં મંદીના મંડાણ?

સમગ્ર ગુજરાતમાં ૭૬૬ પ્રોજેક્ટ સામે રાજકોટનો ગ્રાફ ગગડ્યો; એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે પણ ભારે નિરાશા

રાજકોટ, તા. ૬

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન રાજકોટના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મોટો કડાકો જોવા મળ્યો છે. ચાલુ નાણાકીય વર્ષમાં રાજકોટમાં માત્ર ૪૨ નવા પ્રોજેક્ટ જ નોંધાયા છે, જેને પગલે સ્થાનિક બિલ્ડરો અને રોકાણકારોમાં ભારે ચિંતાનો માહોલ સર્જાયો છે. એક સમયે ધમધમતા રાજકોટના પ્રોપર્ટી માર્કેટમાં આટલી ઓછી સંખ્યામાં પ્રોજેક્ટ્સ નોંધાવવા પાછળ રિયલ એસ્ટેટ ક્ષેત્રે આવેલી મંદી જવાબદાર છે કે પછી અન્ય કોઈ નીતિગત કે તકનીકી કારણો, તે હવે ચર્ચાનો વિષય બન્યો છે.

રાજકોટમાં નોંધાયેલા આ ૪૨ પ્રોજેક્ટ્સની વિગતવાર વાત કરવામાં આવે તો તેમાં સૌથી વધુ ૧૫ પ્રોજેક્ટ રેસિડેન્શિયલ ક્ષેત્રના છે, જ્યારે કોમર્શિયલ ક્ષેત્રે ૧૩ અને મિક્સ યુઝ (રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બંનેનું સંયોજન) ક્ષેત્રે ૧૪ પ્રોજેક્ટ નોંધાયા છે. રાજકોટ જેવા ઝડપથી વિસ્તરી રહેલા અને સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા શહેરમાં રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બંને ક્ષેત્રે આટલો સન્નાટો જોવા મળવો એ બજારમાં પ્રવર્તતી મંદી તરફ સ્પષ્ટ ઈશારો કરે છે.

જો સમગ્ર ગુજરાતના આંકડા સાથે સરખામણી કરવામાં આવે તો પરિસ્થિતિ વધુ ગંભીર જણાય છે. આ જ સમયગાળા દરમિયાન સમગ્ર ગુજરાતમાં કુલ ૭૬૬ નવા પ્રોજેક્ટ્સની નોંધણી થઈ છે. રાજ્યના કુલ આંકડાની સરખામણીએ રાજકોટનો હિસ્સો અત્યંત ઓછો રહ્યો છે, જે દર્શાવે છે કે રાજ્યના અન્ય અગ્રણી



શહેરોની સરખામણીએ રાજકોટમાં રિયલ એસ્ટેટ પ્રવૃત્તિઓ નોંધપાત્ર રીતે ધીમી પડી છે.

બીજી તરફ, સામાન્ય અને મધ્યમ વર્ગ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા એફોર્ડેબલ હાઉસિંગ (કિફાયતી આવાસ) ક્ષેત્રની સ્થિતિ પણ અત્યંત નિરાશાજનક છે. રાજકોટમાં આખા વર્ષ દરમિયાન એફોર્ડેબલ હાઉસિંગના માત્ર ૩ પ્રોજેક્ટ જ નોંધાયા છે. જમીનોના ઊંચા ભાવ, બાંધકામ સામગ્રીમાં થયેલો ભાવવધારો અને મધ્યમ વર્ગની ઘટેલી ખરીદશક્તિને કારણે ડેવલપર્સ હવે નાના અને સસ્તા પ્રોજેક્ટ મુકવાનું ટાળી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. આ સ્થિતિ લાંબા ગાળે સામાન્ય નાગરિકો માટે પોતાના ઘરનું સ્વપન પૂરું કરવામાં મોટી અડચણ ઊભી કરી શકે છે.

ભાજપ સંગઠનને મળશે નવો વેગ

સહમહામંત્રી અરુણ બિન્નાડીનું રાજકોટમાં આગમન, પ્રથમ દિવસે જ યોજી 'એક્શન મોડ'માં બેઠક

રાજકોટ, તા. ૬

સૌરાષ્ટ્ર અને કચ્છના રાજકારણમાં ભારતીય જનતા પાર્ટીએ એક મોટો અને અત્યંત વ્યૂહાત્મક દાવ ખેલ્યો છે. પ્રદેશ સંગઠનને આ પ્રદેશમાં વધુ મજબૂત અને ધારદાર બનાવવાના આશયથી ખાસ નિયુક્ત કરવામાં આવેલા ગુજરાત ભાજપના સંગઠન સહમહામંત્રી અરુણ બિન્નાડી આજે સીધા રાજકોટ આવી પહોંચ્યા છે. તેમની સાથે સૌરાષ્ટ્રના ઇન્ચાર્જ મહામંત્રી અનિરુદ્ધ દવે પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અરુણ બિન્નાડીની આ મુલાકાત માત્ર એક સામાન્ય કે ઔપચારિક પ્રવાસ નથી, પરંતુ હવેથી તેઓ રાજકોટ ખાતે જ કાયમી મુકામ કરવાના છે. રાજકોટને કેન્દ્રસ્થાન બનાવીને તેઓ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોનના ભાજપ સંગઠનની કામગીરીનું સીધું સંચાલન અને નિરીક્ષણ કરશે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.

રાજકોટ આગમન થતાંની સાથે જ અરુણ બિન્નાડીએ કોઈ પણ જાતનો સમય બગાડ્યા વિના સીધા જ એક્શન મોડમાં કામગીરી શરૂ કરી દીધી હતી. તેઓ સર્વપ્રથમ જિલ્લા ભાજપ વડામથકે પહોંચ્યા હતા, જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ



પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, જિલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય તેમજ જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા અને રવિભાઈ માંકડીયા સહિતના અગ્રણી હોદ્દેદારોએ તેમને જીલ્લા કાર્યાલય ખાતે આવકાર્યા હતા. સ્વાગત વિધિ પૂર્ણ થયાના તુરંત બાદ અરુણ બિન્નાડીએ જિલ્લા ભાજપની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જેમાં ક્ષેત્રના ધારાસભ્યો પણ ખાસ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં સંગઠનાત્મક માળખાને વધુ સક્રિય કરવા અને ગ્રાઉન્ડ લેવલ પર ભાજપની પકડ વધુ મજબૂત બનાવવા અંગે વિસ્તારપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ધારાસભ્યો અને સંગઠનના હોદ્દેદારોની હાજરીમાં યોજાયેલી આ પ્રથમ બેઠકે જ સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે હવેથી ગાંધીનગર કે અમદાવાદથી નહીં, પરંતુ રાજકોટથી જ સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ ભાજપના રાજકીય અને સંગઠનાત્મક નિર્ણયો લેવાશે. બિન્નાડીના કાયમી મુકામથી સ્થાનિક કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જ્યારે બીજી તરફ સંગઠનમાં નિષ્ક્રિય રહેતા હોદ્દેદારો અને નેતાઓમાં એક પ્રકારનો ફફડાટ પણ વ્યાપી ગયો છે.